


**આગ્રામાં 95 વર્ષની મહિલાએ ઉમેદવારી નોંધાવી :**



આગ્રામાં 95 વર્ષની જલદેવીએ ખરગઢ વિધાનસભા ચૂંટણી માટે પોતાની ઉમેદવારી નોંધાવી છે. ઉમેદવારી નોંધાવનારી તે સૌથી વૃદ્ધ મહિલા છે.

**સુરતમાં 26 થી 29 જાન્યુઆરી ઓટો એક્સ્પોની ચોથી સિરીઝનું આયોજન :**

**ભારત–યુએઈ વચ્ચે સંરક્ષણ અને સુરક્ષા સહિતના 14 કરાર પર હસ્તાક્ષર :**

ભારત અને સંયુક્ત આરબ અમિરાત (યુએઈ)એ તેમના વ્યૂહાત્મક સંબંધો વધારવાના એક પ્રયાસરૂપે સંરક્ષણ, સુરક્ષા, વેપાર અને ઉર્જા જેવા મહત્વના ક્ષેત્રો સહિત 14 કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

બંને દેશોએ સંરક્ષણ અને સુરક્ષા સહયોગ વધારીને દક્ષિણ એશિયામાં સ્થિરતા સ્થાપવા માટે ધાર્મિક કટ્ટરવાદ અને હિંસા અંગે સાથે મળીને કામ કરવાનો સંકલ્પ કર્યો છે. પ્રજાસત્તાક દિવસની પરેડમાં અલ–નાહયાન ચીફ ગેસ્ટ હતા.

**89 હસ્તીઓને પદ્મ પુરસ્કાર**

**સાત હસ્તીઓને પદ્મવિભૂષણ જેમાં ચાર નેતા**

**વિરાટ કોહલી, સાક્ષી મલિક અને દીપા કરમાકરને પણ**

**ગુજરાતના પદ્મશ્રી વિજેતા :**

(૧) ગેનાભાઈ (કૃષિ) (૨) પુરુષોત્તમ ઉપાધ્યાય (સંગીત) (૩) ડો. દેવેન્દ્ર પટેલ (મેડિસિન) (૪) વી. જી. પટેલ (સાહિત્ય–શિક્ષા) (૫) ડો. સુબ્રતો દાસ (મેડિસિન) (૬) વિષ્ણુ પંડ્યા (સાહિત્ય).

**યેસુદાસ સહિત 7 ને પદ્મવિભૂષણ :**

પદ્મ વિભૂષણથી સન્માનિત 7 હસ્તીઓમાં યેસુદાસ, સદગુરુ જગ્ગી વાસુદેવ, શરદ પવાર, મુરલી મનોહર જોશી, સ્વ. સી.એ.સંગમા, સ્વ. સુંદરલાલ પટવા અને પ્રો. ઉડ્ડીપી રામચંદ્ર રાવનો સમાવેશ થાય છે.

**ગોળીયાના દિવ્યાંગ ખેડૂતને પદ્મશ્રી એવોર્ડ :**



બનાસકાંઠા જિલ્લાના લાખણીના સરકારી ગોળીયા ગામે રહેતા દિવ્યાંગ ખેડૂતે દાડમની ખેતી થકી સમગ્ર દેશમાં ખ્યાતિ પ્રાપ્ત કરી છે. અત્યાર સુધીમાં કૃષિના વિવિધ એવોર્ડ મેળવનાર ગેનાજીને હવે કેન્દ્ર સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે. જેઓ બનાસકાંઠા જિલ્લામાં આ એવોર્ડ મેળવનારા સૌ પ્રથમ ખેડૂત બન્યા છે.

**યુસૈન બોલ્ટની ટ્રિપલ સિદ્ધિ ડબલમાં ફેરવાશે, કાર્ટર ડોપિંગમાં દોષિત :**

જમૈકાના યુસૈન બોલ્ટને પોતાની ટીમનો સાથી નેસ્ટા કાર્ટર ડોપિંગમાં દોષિત જાહેર થતાં પોતાના નવ ઓલિમ્પિક ગોલ્ડ મેડલમાંથી એક ગુમાવવો પડશે. બોલ્ટે



સતત ત્રણ ઓલિમ્પિકમાં 100, 200 મીટર તથા ચાર બાય 100 મીટર રિલેમાં ગોલ્ડ જીત્યો હતો. હવે તેની પાસેથી રિલેમાં ગોલ્ડ લઈ લેવાશે અને બોલ્ટના રેકોર્ડને હવે 'ટ્રિપલ–ટ્રિપલ' કહેવામાં આવશે નહી.

**બ્રિગેડિયર ચિત્તરંજન સાવંતનો 43 ગણતંત્ર દિવસની કોમેન્ટરીનો રેકોર્ડ :**

જે લોકો ટીવી પર ગણતંત્ર દિવસ પરેડ રસપૂર્વક નિહાળતા હશે, તેઓ એક નામથી ચોક્કસ પરિચિત હશે, બ્રિગેડિયર (રિટાયર્ડ) ચિત્તરંજન સાવંત, VSM. જેમના નામે 43 ગણતંત્ર દિવસ પરેડ કોમેન્ટરીનો અનોખો રેકોર્ડ છે. આ તેમની 44મી કોમેન્ટરી હતી.

**સર્વે ઓફ ઈન્ડિયા અને નેપાળ સરકારનું એવરેસ્ટની ઊંચાઈ માપવાનું સંયુક્ત અભિયાન, 1956માં ઊંચાઈ મપાતી હતી :**

2015ના ભૂકંપથી એવરેસ્ટની ઊંચાઈ 60 સે.મી. ઘટ્યાની આશંકા છે. 60 વર્ષ બાદ એવરેસ્ટની ઊંચાઈ ફરીથી મપાશે.

**આ બે રીતે માપવામાં આવશે ઊંચાઈ :**

**(૧) જિયોપોઝિશનિંગ સિસ્ટમ :–** તેમાં મોબાઈલ અથવા ટ્રાન્ઝિસ્ટર જેવા ઉપકરણનો ઉપયોગ થાય છે. તેને શિખર પર અંદાજે 10 મિનિટ રાખવામાં આવશે. તેના પર સેટેલાઈટથી સિગ્નલ મળે છે. તેના ઓબ્ઝર્વેનથી એવરેસ્ટની ઊંચાઈ જાણી શકાશે.

**(૨) ગ્રાઉન્ડ મેથડ :–** તેમાં જમીનથી જ એવરેસ્ટની ઊંચાઈ માપવામાં આવશે. ધરતી પર અનેક જગ્યાએથી એવરેસ્ટ દેખાય છે. એવી 5–6 જગ્યા નિશ્ચિત કરીને ઉપકરણ લગાવાશે. અહીંથી વર્ટિકલ એંગલ મારફત એવરેસ્ટની ઊંચાઈની ગણતરી કરવામાં આવશે.

**ઉરી હુમલા બાદ પીઓકેમાં સર્જિકલ સ્ટ્રાઈક થઈ હતી. તે સર્જિકલ સ્ટ્રાઈકમાં સામેલ 19 જવાનોને વીરતા ચંદ્રક :**

**સોમાલિયાની હોટલમાં આતંકી હુમલો – 28 ના મોત. અલ શબાબે હુમલાની જવાબદારી લીધી.**

**સ્પેનમાં પહેલું અન્ડર વોટર મ્યુઝિયમ શરૂ થયું, 40 ફૂટ પાણીમાં બોટનિક ગાર્ડન :**

**ભારતમાં નિર્માણ પામેલા પિનાકા રોકેટનું પરીક્ષણ :**

ઓડિશાના ચાંદીપુરમાં બનાવાયેલા સ્વદેશી મલ્ટી બેરલ રોકેટ લોન્ચર આધારીત ગાઈડેડ રોકેટ 'પિનાકા' નું પરીક્ષણ કરાયું. પિનાકાની ક્ષમતા માર્ક–2 કરતાં વધારે છે.

**અમેરિકામાં ભારતવંશી અજિત સંચાર કમિશનના હેડ :**

રાષ્ટ્રપતિ ટ્રમ્પે પોતાની ટીમમાં એક બીજા ભારતીય મૂળના અજિત વર્ધરાજ પઈને સ્થાન આપ્યું છે. અજિતને



મહત્વપૂર્ણ ફેડરલ કોમ્યુનિકેશન કમિશનના હેડ બનાવ્યા છે. ટ્રમ્પની ટીમમાં નિક્કી હેલી, સીમા વર્મા, પ્રીત બહારા પછી પઈ ચોથી ભારતીય મૂળની વ્યક્તિ છે.

**રાજસ્થાનના થિયેટરોમાં 3% સીટો દિવ્યાંગો માટે અનામત**

રાજસ્થાનના દરેક સિનેમાઘરો, સિનેમા થિયેટર્સ અને મલ્ટીપ્લેક્સમાં ત્રણ ટકા સીટો દિવ્યાંગો માટે અનામત કરવાના પ્રસ્તાવને ગૃહ વિભાગે મંજુરી આપી દીધી છે. ગૃહ વિભાગ પ્રમાણે મુખ્યમંત્રી વસુંધરા રાજે વર્ષ 2016–17ના બજેટમાં રાજ્યના દરેક સિનેમાઘરોમાં કુલ સીટમાંથી 3 ટકા સીટો દિવ્યાંગો માટે અનામત રાખવાની જાહેરાત કરી છે.

ફિલ્મના કલાક પહેલાં સુધી અનામત રખાશે :

ગૃહ વિભાગ પ્રમાણે નોટિફિકેશન પછી પ્રદેશના દરેક સિનેમાઘરો આ નિયમ અંતર્ગત આવશે. આ નિયમ મુજબ ફિલ્મ શરૂ થાય તેના એક કલાક પહેલા સુધી 3 ટકા સીટો દિવ્યાંગો માટે અનામત રાખવામાં આવશે.

**આદિવાસી વિસ્તારોની ખાણ, ખનીજની લીઝ હવે આદિવાસીઓને જ મળશે :**

રાજ્યના આદિવાસી વિસ્તારોમાં કુદરતી સંપદા અપાર છે. આ કુદરતી સંપદાનો હક મેળવવા માટે અત્યાર સુધી કાયદેસરની પ્રક્રિયા હાથ ધરાતી હતી, પણ રાજ્ય સરકારે તાજેતરમાં પંચાયત એક્સટેન્શન ટુ શિડ્યુલ્ડ એરિયા એક્ટ–1996 નો અમલ કરીને આદિવાસી વિસ્તારની 4503 ગ્રામ પંચાયતને લીઝનો કોન્ટ્રાક્ટ આપવાનો અધિકાર આપ્યો છે. પરિણામે આદિવાસી વિસ્તારના ગામડાઓમાં આદિવાસી હોય અને તે ગામમાં રહેતી હોય તેવી જ વ્યક્તિને લીઝનો કોન્ટ્રાક્ટ મળી શકશે. પરિણામે આદિવાસી વિસ્તારમાં આદિવાસી સમાજનો લોકોને જ લીઝનો કોન્ટ્રાક્ટ મળશે અને ગ્રામસભાને મંજૂરી આપવાની હોવાથી આવા કોન્ટ્રાક્ટ આપવા પાછળ ગ્રામપંચાયતો સામાજિક જવાબદારી હેઠળ ફંડ મેળવીને ગ્રામોત્થાનના કામ પણ કરી શકે છે.

**બે મહિનામાં ત્રીજો ટ્રેન અકસ્માત – 39 મોત :**

આંધ્રપ્રદેશમાં ટ્રેન પાટા પરથી ખડી પડવાની એક દુર્ઘટનામાં 39 મુસાફરો માર્યા ગયા છે અને 60થી વધુ ઘાયલ પણ થયા છે. આંધ્રપ્રદેશ અને ઓડિશાની સરહદ પર કુનેરુ સ્ટેશન નજીક આ દુર્ઘટના સર્જાઈ હતી. જગદલપુર–ભુવનેશ્વર હીરાખંડ એક્સપ્રેસનું એન્જીન અને 9 ડબા પાટા પરથી ખડી પડ્યા. ગત વર્ષે 20 નવેમ્બરે કાનપુર નજીક ઈન્દોર રાજેન્દ્રનગર ટ્રેનના 14 ડબા ખડી પડતાં 150ના મોત થયા હતા. જ્યારે 28 ડિસેમ્બરે અજમેર સિલ્દાહ એક્સપ્રેસના 15 ડબા પણ કાનપુર નજીક બ્રીજ પરથી ખડી પડ્યા હતા. જેમાં 44 ને ઈજા થઈ હતી.

**વિકલાંગોને માલિકીના વાહન વિના પણ લાઈસન્સ મળશે**

ગુજરાતના 28 લાખ દિવ્યાંગ વ્યક્તિ માટે સારા સમાચાર છે. હવેથી તેમની પાસે માલિકીનું વાહન નહી હોય; તો પણ તેઓ આરટીઓમાંથી ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવી શકશે તેમજ કોઈપણ દિવ્યાંગ વ્યક્તિ ભારતભરમાં બીજા દિવ્યાંગનું વાહન ચલાવી શકશે. આરટીઓમાં દિવ્યાંગો માટેની બનાવાયેલી ખાસ રૂલ્સ એન્ડ રેગ્યુલેશન કમિટીએ મૂકેલા પ્રસ્તાવને આરટીઓ કમિશનર આર. એમ. જાદવે મંજૂરી આપી છે.

માલિકીનું વાહન ન હોય તો લાઈસન્સ મળતું નહોતું :

Astha Academy Mo. 8980961441

કોઈ પણ વિકલાંગ અત્યાર સુધી લાઈસન્સ લેવા જાય ત્યારે તેમણે ફોર્મમાં તેમની માલિકીનું વાહન દર્શાવવું પડતું હતું. જો માલિકીનું વાહન ન હોય તો લાઈસન્સ મળતું નહોતું. આથી ગુજરાતના 28 લાખમાંથી માત્ર 5 હજાર વિકલાંગ જ ડ્રાઈવિંગ લાઈસન્સ ધરાવે છે.

**સાત મહિના પછી સાઈના નેહવાલે ટાઈટલ જીત્યું :**



સાઈનાએ ચોકૂવોંગને 22–20, 22-20 થી હરાવીને મલેશિયા માસ્ટર્સ ગ્રાન્ડ પ્રિક્સ ગોલ્ડ ટૂર્નામેન્ટ જીતી લીધી હતી. સાત મહિના પછી તેણે કોઈ ટાઈટલ જીત્યું છે.

**ગીતકાર નકશ લાયલપુરીનું નિધન**

**રાષ્ટ્રપતિએ 4 લોકોની ફાંસીની સજા માફ કરી**

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ ગૃહ મંત્રાલયના સૂચન કોરાણે મૂકી 4 અપરાધીની ફાંસીની સજા આજીવન કેદમાં ફેરવી છે. ચારેય એમસીસીના સભ્ય હતા અને 1992માં બિહારમાં ભૂમિહાર જાતિના 34 લોકોના નરસંહારમાં સામેલ હતા. ચારેયે 2004માં દયા અરજી દાખલ કરી હતી, જે માનવ અધિકાર પંચના પ્રયાસોથી 12 વર્ષ બાદ રાષ્ટ્રપતિ સુધી પહોંચી.

નવજીવન મેળવનારા દોષિતોમાં કૃષ્ણા મોચી, નંન્હે લાલ મોચી, વીર કુંવર પાસવાન અને ધર્મેન્દ્ર સિંહ ઉર્ફે ધારુ સિંહ સામેલ છે. બિહાર સરકારની ભલામણથી ગૃહ મંત્રાલયે 2016ની 8 ઓગસ્ટે તેમની દયા અરજી ફગાવવાનું સૂચન રાષ્ટ્રપતિને મોકલ્યું હતું.

**અમદાવાદ પાસે ઓર્ગેનિક યુનિ.ની સ્થાપનાની તૈયારી :**

આગામી નાણાકીય વર્ષે નવી ઓર્ગેનિક યુનિવર્સિટી સ્થાપવા માટે રાજ્ય સરકાર તૈયારી કરી રહી છે. કૃષિ મહોત્સવ દરમિયાન પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ઓર્ગેનિક યુનિ.ની સ્થાપના કરવાની જાહેરાત કરી હતી.

**1લી એપ્રિલથી GAAR લાગુ થશે**

રોકાણના નામે કરચોરી કરતી વિદેશી કંપનીઓ પર કડકાઈ માટે જનરલ એન્ટી એવોઈડન્સ રુલ્સ (ગાર) 1લી એપ્રિલ, 2017થી લાગુ થઈ જશે. આ તારીખ અગાઉ કરાયેલા રોકાણો તેના દાયરામાં નહીં આવે. CBDT (Central Board of Direct Tax)એ આ અંગે સ્પષ્ટતા કરી છે.

**હવે આધાર, અંગૂઠાથી કેશ ટ્રાન્ઝેક્શન**

હવે માત્ર આધાર નંબર અને અંગૂઠાથી ટ્રાન્ઝેક્શન થઈ શકશે. આ માટે કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં જ આધાર પે સર્વિસ લોન્ચ કરશે. તે માટે મોબાઈલની પણ જરૂર પડશે નહીં.

**અમૃતરાજ ભારતમાં UNના સદભાવના દૂત**

જાણીતા ટેનિસ ખેલાડી અને હોલિવુડ ફિલ્મ નિર્માતા અશોક અમૃતરાજને



ભારતમાં UNDP (United Nations Development Programme) માટે સદભાવના રાજદૂત બનાવાયા છે. UNDPએ જણાવ્યું છે કે અમૃતરાજે ભારત–અમેરિકા સંબંધો સારા બનાવવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવી છે.

**રાજપીપળામાં દેશની સૌપ્રથમ બાઈક એમ્બ્યુલન્સનો પ્રારંભ**

**ઑસ્ટ્રેલિયન ઑપન – વિમેન્સ ડબલ્સ**

ઑસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમની વિમેન્સ ડબલ્સમાં બીજો ક્રમાંક ધરાવતી અમેરિકાની બેથેની મેટ્ટેક સેન્ડ્સ તથા ચેક રિપબ્લિકની લ્યુસી સાફારોવાએ પ્રથમ સેટ ગુમાવ્યા બાદ વળતો પ્રહાર કરીને હાલ્વાકોવા તથા સૂઈ પેંગની જોડીને હરાવીને ગ્રાન્ડસ્લેમ પોતાના નામે કર્યો છે.

**અગ્રવાલ સમાજ અને ભાજપના નેતા રામદાસ અગ્રવાલનું નિધન**

રામદાસ અગ્રવાલ 18 વર્ષ સુધી રાજ્યસભાના સાંસદ રહી ચૂક્યા છે અને સાડા સાત વર્ષ સુધી ભાજપના રાજસ્થાનના પ્રદેશાધ્યક્ષ પણ રહી ચૂક્યા છે. આ સાથે તેઓ બે વાર રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને બે વાર રાષ્ટ્રીય કોષાધ્યક્ષ પણ રહી ચૂક્યા છે.

**40 વર્ષથી 'અગ્નિ રક્ષક' મૂળ ગુજરાતીને પદ્મશ્રી સન્માન**



સમાજસેવા ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરવા બદલ મૂળ ગુજરાતી બિપિનભાઈ ગણાત્રાને ચોથા સર્વોચ્ચ નાગરિક સન્માન પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા છે. હાલમાં તેઓ પશ્ચિમ બંગાળમાં રહે છે.

**નાદાલને હરાવી ફેડરર ઑસ્ટ્રેલિયન ઓપનમાં ચેમ્પિયન**

નાદાલે આ તેની કારકિર્દીનું 18મું ગ્રાન્ડસ્લેમ જીત્યું છે.

**અન્ડર 19 ક્રિકેટ ટીમના ફિટનેસ ટ્રેનર રાજેશનું મોત**

ભારત એ અને અંદર–19 ભારતીય ક્રિકેટ ટીમના ફીઝીકલ ફીટનેસ ટ્રેનર રાજેશ સાવંતનું દક્ષિણ મુંબઈમાં મૃત્યુ થયું છે. તેમના મૃત્યુનું કારણ હૃદયરોગ માનવામાં આવી રહ્યું છે.

Astha Academy Mo.8980961

**કેરળમાં માનસિક રીતે નબળાં બાળકો જાદુગર બનશે**

માનસિક રૂપે નબળાં બાળકો હવે કેરળમાં જાદુગર બનવા જઈ રહ્યાં છે. રાજ્ય સરકારના એક ઈનોવેટીવ પ્રોગ્રામથી આ શક્ય બનશે. સામાજિક ન્યાય વિભાગ હેઠળ કેરળ સામાજિક સુરક્ષા મિશન અને સ્ટેટ ઈનિશિએટીવ ઓન ડિસએબિલિટી મેજિક એકેડમી સાથે એક વિચિત્ર મંડળી તૈયાર કરવા માટે હાથ મિલાવી રહ્યા છે. રાજ્યની જુદી જુદી શાળાઓમાં વિશેષ ક્ષમતા ધરાવતાં 400થી વધુ બાળકો એમપાવર પ્રોગ્રામમાં ભાગ લેશે.

**સૈયદ મોદી ગ્રાન્ડ પ્રિક્સ ગોલ્ડ બેડમિન્ટન ટૂર્નામેન્ટ**

ઓલિમ્પિક સિલ્વર મેડાલિસ્ટ પી. વી. સિંધુ તથા નેશનલ વિજેતા સમીર વર્માએ અહીં રમાયેલી સૈયદ મોદી ગ્રાન્ડ પ્રિક્સ ટૂર્નામેન્ટમાં અનુક્રમે મેન્સ તથા વેમેન્સ સિંગલ્સનાં ટાઈટલ જીતી લીધાં છે. ભારતે આ ટૂર્નામેન્ટની પાંચ ઈવેન્ટમાં ત્રણ ટાઈટલ પોતાના નામે કર્યાં છે.

**સૈરેના વિલિયમ્સ ઑસ્ટ્રેલિયન ઓપન વિજેતા બની અને કારકિર્દીનો 23મો ગ્રાન્ડસ્લેમ હાંસલ કર્યો.**

**પૂર્વ વિદેશમંત્રી S M ક્રિષ્ણાનો રાજકારણમાંથી સંન્યાસ**



કોંગ્રેસના સિનિયર નેતા અને યુપીએ સરકારમાં વિદેશમંત્રી રહેલા એસ. એમ. ક્રિષ્ણાએ રાજકારણમાંથી સંન્યાસ લેવાનો નિર્ણય કર્યો છે. તેઓ 1999થી 2004 સુધી કર્ણાટકના મુખ્યમંત્રી પણ હતા.

**ATMમાંથી હવે એકવારમાં 24,000 ઉપાડી શકાશે**

તેનો અમલ 1લી ફેબ્રુઆરીથી થશે. સેવિંગ અકાઉન્ટ હશે તેઓ બીજો ઉપાડ અઠવાડિયા પછી કરી શકશે. કરન્ટ, ક્રેડીટ અને ઓવરડ્રાફ્ટ એકાઉન્ટમાંથી મરજી મુજબ નાણાં ઉપાડી શકાશે.

**નેપાળમાં બીજી ફેબ્રુઆરીથી સાર્ક દેશોની બેઠકનો પ્રારંભ**

સાર્ક દેશોના અધિકારીઓની બેઠક કાઠમંડુમાં પહેલી અને બીજી ફેબ્રુઆરી દરમયાન યોજાશે. પાકિસ્તાનમાં સાર્ક સંમેલન રદ થયા પછી આ પહેલી બેઠક છે.

**હિટલરના પ્રચારમંત્રી ગોબેલ્સની સચિવનું નિધન**

એક જુઠ્ઠાણુ સો વાર બોલો; તો તે સત્ય બની જાય છે, તેવું કહેનારા હિટલરના પ્રચારમંત્રી ગોબેલ્સની પૂર્વ સેક્રેટરી બ્રુંહિલ્ડે પોમસેલનું 106 વર્ષની વયે નિધન થયું છે.

**અમૂલ્ય પટનાયક દિલ્હીના નવા પોલીસ કમિશનર**

અમૂલ્યકુમાર પટનાયક દિલ્હીના પોલીસ કમિશનર નિમાયા છે. પટનાયક 1985ની બેચના અરુણાચલપ્રદેશ–ગોવા–મિઝોરમ અને કેન્દ્રશાસિત પ્રદેશ કેડરના આઈપીએસ અધિકારી છે.

**ઈન્ડીયા પોસ્ટ પેમેન્ટ બેન્ક લૉંચ, 5.5% વ્યાજ મળશે**

ઈન્ડીયા પોસ્ટ પેમેન્ટ બેન્કની સેવાઓ રાયપુર અને રાંચીમાં શરૂ થઈ ગઈ છે. બેન્ક 25 હજાર રૂપિયા સુધીની જમા રકમ પર 4.5%, 25 હજારથી 50 હજાર પર 5% અને 50 હજારથી 1 લાખ રૂપિયા સુધીની રકમ પર 5.5% વ્યાજ આપશે.

**ફ્રાન્સની આયરિસ મિસ યુનિવર્સ બની**


ફિલિપાઈન્સમાં યોજાયેલી આ વર્ષની મિસ યુનિવર્સ સ્પર્ધામાં ફ્રાન્સની મિત્તિનેયર આયરિસ વિજેતા બની છે. 23 વર્ષની આયરિસ ડેન્ટલ સ્ટુડન્ટ છે. મિસ હૈતી રાક્વેલ પેલિસિએર ફર્સ્ટ રનર અપ અને મિસ કોલંબિયા એન્ડ્રિયા તોવર સેકન્ડ રનર અપ રહી.

**ગોવામાં 8 ફેબ્રુઆરીથી વિશ્વ સંગીત મહોત્સવ**

ગોવામાં 8 થી 10 ફેબ્રુઆરી દરમ્યાન વિશ્વ શાંતિ સંગીત મહોત્સવ 'સુર જહાં' યોજાશે. આ મહોત્સવમાં ડેન્માર્ક, ચેક રિપબ્લિક, સ્વીડન, રશિયા તથા અન્ય ત્રણ દેશોની રાષ્ટ્રીય ટીમો ભાગ લેશે. ગોવાના ડિરેક્ટૉરેટ ઑફ આર્ટ એન્ડ કલ્ચર દ્વારા મહોત્સવનું આયોજન કરાયું છે.

**કેગ વિનોદરાય**

સુપ્રિમ કોર્ટે બીસીસીઆઈના કામકાજની દેખરેખ માટે ચાર સભ્યોની પેનલના અધ્યક્ષ તરીકે ભૂતપૂર્વ કેગ વિનોદ રાયની નિમણૂક કરવામાં આવી છે. પહેલાં ભ્રષ્ટાચારના વિરોધના પડકાર તરીકે ઓળખાતા રાયે આ વિશે પ્રતિક્રિયા આપતાં પોતાને બીસીસીઆઈનો નાઈટ વોચમેન જણાવ્યો હતો. આ પેનલમાં મહિલા ક્રિકેટ ટીમની ભૂતપૂર્વ સુકાની ડાયના એડલજી, ઈતિહાસકાર રામચંદ્ર ગુહા અને બેન્કર વિક્રમ લિમયેને પણ સામેલ કરાયા છે.



**પીઓકેમાં સર્જિકલ સ્ટ્રાઈકના ટીમ લીડર મેજર રોહિત સૂરિ હતા**

**પાકિસ્તાને સ્પીકર સંમેલનનું આમંત્રણ ઠુકરાવ્યું**

ભારત–પાકિસ્તાન સંબંધોમાં તંગદિલી વચ્ચે પાકિસ્તાને સ્પીકર સંમેલન માટે ભારત આવવાનું આમંત્રણ ઠુકરાવી દીધું છે. સંમેલન 18–19 ફેબ્રુઆરીએ ઈન્દોરમાં યોજાવાનું છે. ભારતીય સંસદ અને ઈન્ટર પાર્લામેન્ટરી યુનિયને (આઈપીયુ) તેનું આયોજન કર્યું છે. મ્યાનમારે પણ આવવાનો ઈન્કાર કરી દીધો છે.

Astha Academy Mo.8980961441

**ગ્રાહકોની ફરિયાદનું ઓનલાઈન સમાધાન :**

ગ્રાહકોની ફરિયાદોના જલદી સમાધાન માટે કેન્દ્ર સરકારે ઓનલાઈન કન્ઝ્યુમર સેન્ટર શરૂ કર્યું છે. આ સાથે જ સ્માર્ટ કન્ઝ્યુમર નામે એક મોબાઈલ એપ લોન્ચ કરાઈ છે.

**'પેમેન્ટ એપ સે' નામની એપ્લીકેશન લોન્ચ :**

સરકાર ડિજીટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવાના હેતુથી લકી ડ્રો શરૂ કરી રહી છે. તે મુજબ ડિજીટલ પેમેન્ટ કરનારને ઈનામ આપવામાં આવશે. દર રવિવારે વિજેતાઓની જાહેરાત થશે. આ સાથે જ સરકારે આધાર નંબર આધારીત 'પેમેન્ટ એપ સે' નામની મોબાઈલ એપ્લીકેશન પણ લોન્ચ કરી છે. તેમાં કોઈ પેમેન્ટ સર્વિસ ફી નહી ચૂકવવી પડે.

**SGVP માં વર્લ્ડ રેકોર્ડ :**

SGVP છારોડી ગુરુકુળમાં 20 થી 70 વર્ષની વય જૂથના 1111 લોકો પર શિરોધારા પ્રયોગ કરાયો હતો. આ સાથે જ ગિનિઝ બુક રેકોર્ડ નોંધાયો છે. 50 સંત, 511 મહિલા અને 600 પુરુષ પર આ પ્રયોગ કરાયો છે.

**મુંબઈમાં વિશ્વના સૌથી ઉંચા શિવાજી સ્મારકનું જળપૂજન :**

મુંબઈમાં કુલ 629 ફૂટની ઊંચાઈનું શિવાજીનું સ્મારક બનશે. તેમાં શિવાજીની મૂર્તિની ઉંચાઈ 375 ફૂટ હશે. આ સ્મારક 32 એકરની એક વિશાળ શિલા પર બનાવવામાં આવશે. કુલ ખર્ચ 3600 કરોડ રૂપિયા થશે. 10 થી 15 હજાર પર્યટક એક સાથે અહીં આવી શકશે.



પર્યટકો માટેની સુવિધાઓ :

પર્યટકો માટે અહી એમ્ફીથિયેટર, મંદિર, ફૂડ કોર્ટ, લાઈબ્રેરી, ઓડિયો ગાઈડેડ ટૂર, થ્રી ડી–ફોર ડી ફીલ્મ, એક્વેરિયમ જેવી સુવિધાઓ પણ મળશે.

સ્મારક પર શિવાજીના ઈતિહાસના ઓડિયો–વિઝ્યુઅલ ઘણી ભાષાઓમાં બતાવાશે.

સુરક્ષા વ્યવસ્થા :

સ્મારકમાં આતંકી હુમલા રોકવા માટે એન્ટિ રડાર સિસ્ટમ લગાવાશે, જેથી દુશ્મનના રડાર તેને જોઈ ન શકે.

સ્મારક અંગે વિવાદ :

માછીમારોનું કહેવું છે કે તેના નિર્માણથી તેઓ માછલી પકડવા નહી જઈ શકે. પર્યાવરણવિદોએ ગોરેગાંવ ચૌપાટી ખતમ થવાની આશંકા વ્યક્ત કરી છે.

**પાકિસ્તાનમાં રાષ્ટ્રપતિ સામે ભાષણ ચોરીનો કેસ :**

પાકિસ્તાનમાં મોહમ્મદ સબીલ હૈદર નામના 11 વર્ષના એક વિદ્યાર્થીએ તેના ભાષણની કથિત ચોરી બદલ રાષ્ટ્રપતિ મેમનૂન હુસૈનના કાર્યાલય વિરૂદ્ધ કેસ કર્યો છે.

**ONGC કેજી બેસીનમાં GSPC નો 80% બ્લોક 6752 કરોડમાં ખરીદશે.**

**ભારત સાથે સંરક્ષણ સહકાર વધારવા અમેરિકાનું 618 અબજ ડોલરનું બજેટ :**

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામાએ વર્ષ 2017 માટે 618 અબજ ડોલરના સંરક્ષણ બજેટની ફાળવણી કરી છે. જે અંતર્ગત ભારત સાથે સંરક્ષણ સહકાર વધારવામાં આવશે. જ્યારે પાકિસ્તાનને પણ તેમાંથી થોડા નાણાં ફાળવવાની જોગવાઈ છે.

**મધ્યપ્રદેશમાં જન્મતા દરેક બાળકને ઘર માટે જમીન અપાશે :**

મધ્યપ્રદેશમાં જન્મ લેનારા દરેક બાળકના નામે મકાન બનાવવા માટે જમીન આપવામાં આવશે. જો જમીન સરકારી નહી હોય તો, સરકાર જમીન ખરીદીને આપશે. આ માટે વિધાનસભા દ્વારા કાયદો બનાવવામાં આવશે. આ જાહેરાત શનિવારે ભીંડ જિલ્લામાં કૂપ ખાતે અંત્યોદય મેળામાં રાજ્યના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહી હતી. તેમણે કહ્યું કે વડાપ્રધાન, મુખ્યમંત્રી આવાસ યોજના ઉપરાંત અમે રાજ્યમાં જન્મનાર દરેક બાળકને રહેણાંક પ્લોટ આપીશું.

**પૂર્વ દરિયાઈ સરહદે પહેલી વખત ઓલ વુમન ક્રૂ :**

ભારતના પૂર્વ દરિયાકાંઠે હવાઈ પેટ્રોલિંગ માટે પહેલી વખત એવા ક્રૂ તૈનાત કરાયા છે; જેમાં ત્રણેય મહિલા અધિકારી છે. તટરક્ષક દળે આ પહેલ કરી છે. આ ક્રૂ ડોર્નિયર એરક્રાફ્ટથી પેટ્રોલિંગ કરશે અને દરિયામાં થતી ગેરકાયદે ગતિવિધીઓ તેમજ આંતરરાષ્ટ્રીય દરિયાઈ સરહદે નજર રાખશે.

**સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ**

અમદાવાદના મોટેરામાં દુનિયાનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ બનાવવાનું કામ આ વર્ષે શરૂ થઈ જશે. સરદાર પટેલ સ્ટેડિયમને ફરી બનાવવાનો કોન્ટ્રાક્ટ લાર્સન એન્ડ ટૂર્બો કંપનીને અપાયો છે. અહી એક લાખ 10 હજાર દર્શક મેચનો આનંદ લઈ શકશે. વિશ્વમાં હાલ મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડની ક્ષમતા સૌથી વધુ એક લાખની છે.

Astha Academy Mo. 8980961441

**સૌથી ઉંચી રહેણાંક ઈમારત**

દુનિયાની સૌથી ઉંચી રહેણાંક ઈમારત વર્લ્ડ વન ટાવર મુંબઈમાં બની રહી છે. તે આ વર્ષના અંત સુધીમાં તૈયાર થઈ જાય તેવી અપેક્ષા છે. 17 એકરમાં ફેલાયેલી અને અડધો કિલોમીટરની ઊંચાઈવાળી આ બિલ્ડિંગમાં 117 માળ રહેશે. લોટસ પૂલ, ઓર્ગેનિક ફાર્મ, આર્ટ ગેલેરી અને એથલેટિક્સ ટ્રેક તેના આકર્ષણ છે. આ કોમ્પલેક્ષમાં ત્રણ ટાવર બની રહ્યા છે. જેમાંથી વર્લ્ડ વન એક છે.

**સૌથી મોટો સોલર પ્લાન્ટ**

મધ્યપ્રદેશના રીવામાં શરૂ થનારો સોલર પ્લાન્ટ દુનિયામાં સૌથી મોટો છે. 1500 હેક્ટરમાં ફેલાયેલો આ પ્લાન્ટથી 750 મેગાવોટ ઊર્જાનું ઉત્પાદન થશે. દિલ્હી મેટ્રો રેલ તેનાથી જ દોડશે.

**સૌથી લાંબી ટનલ ચાલુ થશે**

આ વર્ષની શરૂઆતમાં દેશની સૌથી લાંબી નાશરી રોડ ટનલની શરૂઆત થશે. તેને શ્રીનગર–જમ્મુ–હાઈવે પર બનાવાઈ છે. લગભગ 3720 કરોડ રૂપિયા ખર્ચીને તેને બનાવાઈ છે. ટનલમાં ઈન્ટીગ્રેટેડ કન્ટ્રોલ સિસ્ટમ છે, જે ગણતરીના દેશ ઉપયોગમાં લે છે.

**નોટબંધીના 52 દિવસે રાષ્ટ્રને PM નો બીજો સંદેશ :**

વડાપ્રધાન આવાસ યોજના હેઠળ ગામોમાં 33 ટકા વધુ મકાન બનશે. ખેડૂતોના દેવા પર 60 દિવસનું વ્યાજ કેન્દ્ર સરકાર આપશે.

સિનિયર સિટિઝનના બેન્ક ડિપોઝિટ પર 8 ટકા વ્યાજ મળશે. 7.50 લાખ રૂપિયા સુધીની ડિપોઝિટ પર 10 વર્ષ માટે વાર્ષિક 8 ટકા વ્યાજ મળશે. વ્યાજની રકમ દર મહિને કાઢી શકાય છે.

નાના વેપારી માટે ક્રેડીટ ગેરન્ટી 1 થી વધારીને 2 કરોડ થશે. ગર્ભવતીઓ માટે 6 હજાર રૂપિયાની મદદની યોજના દેશભરમાં લાગુ. અત્યારે 53 જિલ્લામાં પાયલટ પ્રોજેક્ટ અંતર્ગત 4 હજાર રૂપિયા આપવામાં આવે છે.

**અરુણાચલમાં ભાજપની સરકાર – પેમા ખાંડુ નવા મુખ્યમંત્રી બન્યા :**



પીપલ્સ પાર્ટી ઓફ અરુણાચલના 43માંથી 33 ધારાસભ્યો ભાજપમાં સામેલ થયા પછી શનિવારે અરુણાચલ પ્રદેશમાં ભાજપની સરકાર બની છે.

**જયલલિતાના નીકટવર્તી ચિનમ્મા શશીકલા અન્નાદ્રમુકના મહામંત્રી બન્યા :**

**પ્રધાનમંત્રી મોદીએ ડિજિટલ પેમેન્ટ માટે 'ભીમ' એપ લોન્ચ કરી :**

ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી મોબાઈલ એપ લોન્ચ કરી છે. તેનું નામ ભીમરાવ આંબેડકરના નામે રખાયું છે. આ એપથી ઈન્ટરનેટ વિના પણ પેમેન્ટની લેવડ–દેવડ કરી શકાય છે. અંગુઠો જ ડિજિટલ ટ્રાન્ઝેક્શન માટે પૂરતો છે. આ એપ યુપીઆઈ બેઝડ એપ છે.

**ભીમ એપ શું છે.....**

ભીમ એપ એટલે કે ભારત ઈન્ટરફેસ ફોર મની. આ એન્ડ્રોઈડ, આઈફોન બંને પર કામ કરે છે. હિન્દી અને અંગ્રેજી ભાષાને સપોર્ટ કરે છે.

**ધો.12 સામાન્ય પ્રવાહના કોર્સમાં નરેન્દ્ર મોદીની મહત્ત્વાકાંક્ષી યોજનાઓના પ્રકરણોનો સમાવેશ કરાયો :**

ભારતના વડાપ્રધાન બન્યા પછી નરેન્દ્ર મોદીએ શરૂ કરેલી જનધન યોજના, સ્ટાર્ટઅપ યોજના, સ્કિલ ડેવલપમેન્ટ સહિતની યોજનાઓ ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળે તૈયાર કરેલા ધોરણ 12 સામાન્ય પ્રવાહના ઈકોનોમિક્સ વિષયના નવા કોર્સમાં ઉમેરી છે.

**ગાંધીનગરમાં CMના હસ્તે દેશની પ્રથમ સિટી વાઈફાઈ યોજના લોન્ચ :**

ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીએ દેશનો સર્વ પ્રથમ સિટી વાઈફાઈ પ્રોજેક્ટ લોન્ચ કર્યો હતો અને 13મી જાન્યુઆરી સુધી કુલ 2 જીબી ડેટા ફ્રીની જાહેરાત કરી હતી. વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, સિટી સર્વેલન્સ અંતર્ગત વાઈફાઈ ઉપરાંત સીસીટીવી કેમેરાનું નેટવર્ક ઊભું કરાયું છે.

**મચ્છર કરડવાથી મોત થશે તો અકસ્માત વીમાનો લાભ :**

મચ્છર કરડવાથી થયેલી બિમારીને કારણે મોત થાય તોપણ હવે દુર્ઘટના વીમાનો લાભ મળશે. રાષ્ટ્રીય ગ્રાહક પંચે મેલેરિયાને કારણે મૃત્યુ પામેલી કોલકાતાની મૌસમી ભટ્ટાચાર્યના કેસમાં આ નિર્ણય આપ્યો છે.

**રાજભવનની સત્તાવાર વેબસાઈટ ન હોવાથી હાઈકોર્ટમાં જાહેરહિતની રિટ :**

Astha Academy Mo. 8980961441

રાજ્યમાં રાજભવન (ઓફીસ ઓફ ધી સેક્રેટરી ટુ ધી ગવર્નર)ની સત્તાવાર વેબસાઈટ ન હોવાના મામલે ગુજરાત હાઈકોર્ટ સમક્ષ જાહેરહિતની રિટ થઈ છે.


નોંધનીય છે કે, અરજદાર ચંદ્રવદન ધ્રુવ દ્વારા કરાયેલી જાહેરહિતની રિટમાં રજૂઆત કરી હતી કે, માહિતી અધિકાર 2005 હેઠળ રાજ્યની તમામ સત્તામંડળોએ તેમની તમામ માહિતીની પ્રોએક્ટિવ ડિસ્ક્લોઝરની નકલ તૈયાર કરી તેને ડિજિટલ ફોર્મેટમાં પ્રસિદ્ધ કરવાની રહે છે. જેથી લોકોને માહિતી અધિકારનો ઉપયોગ ઓછામાં ઓછો કરવાનો રહે. આ નિયમ રાજભવનને પણ લાગુ પડે છે.

**શાળાઓમાં દર સોમવારે પહેલો કલાક સેલ્ફીનો :**

શાળામાં હવે શિક્ષકોએ વિદ્યાર્થીઓ સાથે દર અઠવાડિયાએ સેલ્ફી લેવાની છે. જાન્યુઆરી મહિનામાંથી શાળામાં દર સોમવારે પહેલો પીરિયડ સેલ્ફીનો થવાનો છે. વિદ્યાર્થીઓની વર્ગવાર સંખ્યા માટે શિક્ષણ વિભાગે આ અનોખી રીત અજમાવી છે. દેશમાં 18 ટકા બાળકોની રજીસ્ટરમાં નોંધ હોવા છતાં શાળામાં આવતા નથી. તેને લીધે હાજરીની સાતત્યથી તપાસણી કરવા પહેલા બાયોમેટ્રિકનો પર્યાય સ્વીકારવામાં આવ્યો હતો. પરંતુ હવે તેના કરતા સેલ્ફીનો વિકલ્પ સહેલો હોવાથી તેની અમલબજવણીનો આદેશ આપવામાં આવ્યો છે. શિક્ષકોએ સોમવારે સવારે પ્રત્યેકી દસ વિદ્યાર્થીઓનું જૂથ તૈયાર કરીને સેલ્ફી કાઢીને શાસનની સરલ પ્રણાલિ ઉપર અપલોડ કરવાની છે.

**ટાઈટેનિક હિમશીલા સાથે ટકરાઈને નહોતું ડૂબ્યું : અહેવાલ**

વિશ્વનું સૌથી મશહૂર જહાજ ટાઈટેનિક ડૂબવાનું મૂળ કારણ હિમશીલા સાથે ટક્કર નહી પણ બોયલર રૂમમાં લાગેલી આગ હતી.



એક ડોક્યુમેન્ટ્રીમાં આ દાવો કરાયો છે. 1912માં સર્જાયેલી આ દુર્ઘટનામાં 1500થી વધુ લોકો માર્યા ગયા હતા. બોયલર રૂમના કોલસા બંકરમાં આગ ચાલુ રહેવાના કારણે ટાઈટેનિકનું તળીયું સાવ નબળું પડી ગયું હતું. આઈરિશ પત્રકાર–લેખક સેનન મોલોનીએ આ દુર્ઘટના અંગે 30 વર્ષ સુધી રિસર્ચ કર્યું છે. તેમનો દાવો છે કે ટાઈટેનિકનું નિર્માણ કરનારી કંપનીના ચેરમેન જે બ્રુસ ઈસ્માયને જહાજમાં આગ લાગી હોવાની ખબર હતી; પણ બાદમાં તેમણે તેના પર ઝાઝું ધ્યાન આપ્યું નહોતું.

**સોમદેવની ટેનિસમાંથી નિવૃત્તિ :**



ભારત માટે 2010 કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનારા અને પ્રતિભાશાળી સિંગલ્સ ટેનિસ ખેલાડી સોમદેવ દેવબર્મને પ્રોફેશનલ ટેનિસને અલવિદા કહી દીધું છે.

**શ્રદ્ધા, ઘનશ્યામ કુમારને જ્ઞાનપીઠ નવલેખન એવોર્ડ :**

લેખકો શ્રદ્ધા અને ઘનશ્યામ કુમાર દેવાંશને વર્ષ 2016 નો ભારતીય જ્ઞાનપીઠ નવલેખન પુરસ્કાર આપવાની ઘોષણા કરાઈ. શ્રદ્ધાને તેમની લઘુવાર્તા 'હવા મેં ફડફડાતી ચિઠ્ઠી' અને દેવાંશને તેમની કવિતા 'આકાશ મેં દેહ' માટે આ પુરસ્કાર મળશે.

**31 માર્ચ બાદ 10 થી વધારે જૂની નોટ પકડાશે તો 10,000 નો દંડ :**

500 અને 1000 રૂપિયાની 10 કરતાં વધારે જૂની નોટ રાખવી 31 માર્ચ બાદ ગેરકાયદે રહેશે. જોકે, આ અંગેનો વટહુકમ 31 ડિસેમ્બરથી લાગુ થશે. જૂની નોટ મળવા પર ચાર વર્ષની સજાની જોગવાઈને ગુરુવારે વટહુકમમાંથી હટાવી લેવાઈ હતી. જૂની કરન્સીની 10 કરતાં વધારે નોટ મળવા પર ઓછામાં ઓછા 10 હજાર કે મળી આવેલી કરન્સીનો પાંચ ગણો દંડ વસૂલવામાં આવશે.

**રાજકોટમાં ઈન્ટરનેશનલ એરપોર્ટ બનશે :**

રાજ્યમાં અમદાવાદ અને વડોદરા બાદ રાજકોટમાં ત્રીજું ઈન્ટરનેશનલ એરપોર્ટ વિકસાવવાના પ્રયાસો રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવ્યા છે. કૂવાડવા પાસે 1200 હેક્ટર જમીનમાં એરપોર્ટ વિકસાવવા માટેનું પ્લાનિંગ થઈ રહ્યું છે. ધોલેરામાં પણ ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટનો પ્રોજેક્ટ હાથ ધરાયો છે. સાથે સુરતને પણ કનેક્ટિવિટી મળે તેવા પ્રયાસો છે.

**500–2000 ની 170 કરોડથી વધુ નોટ છપાઈ :**

500 અને 1000 ની 2402 કરોડ જુની નોટ ચલણમાં હતી, જેનું મૂલ્ય રૂ. 15.44 લાખ કરોડ હતું. નાની–મોટી તમામ નોટ એકત્ર કરતાં 17.94 લાખ કરોડની નોટ ચલણમાં હતી, હજુ 49.5% ઓછી. 500–2000 રૂપિયાની 170 કરોડથી વધુ નવી નોટ બજારમાં આવી ગઈ છે. 500ની એક નોટ પર 3.09 રૂપિયા અને 2000ની નોટ પર 3.54 રૂપિયા ખર્ચ થાય છે.

**મિથુનનું રાજીનામું :**



અભિનેતા તથા તૃણમૂલ કોંગ્રેસના રાજ્યસભા સાંસદ મિથુન ચક્રવર્તીએ રાજ્યસભામાંથી રાજીનામું આપી દીધું છે. તે અત્યાર સુધી અઢી વર્ષમાં ૩

Astha Academy Mo.8980961441

દિવસ જ રાજ્યસભામાં હાજર રહ્યા છે.

**પ્રસિદ્ધ બ્રિટિશ પોપ ગાયક અને બે વખત ગ્રેમી એવોર્ડ વિજેતા ગાયક જ્યોર્જ માઈકલનું નિધન**

**રેલવે અકસ્માતમાં મૃત્યુ થતાં હવે 8 લાખનું વળતર :**

રેલવે અકસ્માતમાં મૃત્યુ પામનારા કે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થનારા પેસેન્જરને અપાતું વળતર બમણું કરવામાં આવ્યું છે. રેલવે મંત્રાલયે 19 વર્ષ પછી આ નિર્ણય લીધો છે. નવા નિયમ મુજબ રેલવે અકસ્માતમાં કોઇ પેસેન્જરનું મૃત્યુ થાય તો તેના પરિવારને અત્યાર સુધી રૂપિયા 4 લાખનું વળતર આપવામાં આવતું હતું. જોકે હવે આ વળતરની રકમ 8 લાખ કરવામાં આવી છે. નવો નિયમ જાન્યુઆરી 1, 2017થી અમલમાં આવશે. રેલવે બોર્ડે બહાર પાડેલા જાહેરનામા મુજબ રેલવે અકસ્માતમાં જો કોઇ પેસેન્જર બન્ને હાથ કે પગ ગુમાવે, આંખ ગુમાવે અથવા ચહેરો ક્ષતવિક્ષત થાય કે કાયમી બહેરાશ આવે તો પણ 4 લાખને બદલે 8 લાખ વળતર આપવામાં આવશે. રેલવેએ આ ઉપરાંત જુદા જુદા પ્રકારની 34 ઈજાના કિસ્સામાં પણ વળતરની રકમ 100 ટકા વધારીને 64 હજારથી 1.28 લાખ કરાઈ છે.

**ગુમ–ભિક્ષુક બાળકો માટે શહેર પોલીસનો 'ચાઈલ્ડ કેર' પ્લાન :**

અમદાવાદમાં ચાર રસ્તે ભીખ માંગતા અને મજૂરી કરતાં બાળકો માટે શહેર પોલીસે 'ચાઈલ્ડ કેર' એક્શન પ્લાન ઘડ્યો છે. પોલીસ કમિશનર એ. કે. સિંઘે 'ન્યૂ યર રિઝોલ્યૂશન' તરીકે જાન્યુઆરી 2017થી આ એક્શન પ્લાન અમલમાં મૂકવાની જાહેરાત સોમવારે કરી હતી. ભીક્ષુકવૃત્તિ કે મજૂરીકામમાં બાળકોને ધકેલતાં માતા–પિતા કે જે તે એકમોના ચાલકોને પોલીસ પહેલાં સમજાવશે. આમ છતાં બાળકો બીજીવાર આ પ્રવૃત્તિ કરતાં ઝડપાશે તો કાયદાકીય પગલાં લેવાશે.

## 5000 કિ.મી.ની મારકક્ષમતાવાળી અગ્નિ–5 નું પરીક્ષણ :



ભારત દ્વારા અગ્નિ–5નું ચોથું પરીક્ષણ કરવામાં આવ્યું. ઓડિશાના વ્હીલર આઈલેન્ડ (અબ્દુલ કલામ ટાપુ)પર આ પરીક્ષણ હાથ ધરવામાં આવ્યું. અગ્નિ–5 પાંચ હજાર કિલોમીટર સુધી ન્યુકિલયર વોરહેડ સાથેની મારક ક્ષમતા ધરાવે છે. ચીનના મોટાં શહેરો આ મિસાઈલની હદમાં આવી જશે. સફળ પરીક્ષણ બદલ રાષ્ટ્રપતિ સહિત અનેક ગણમાન્ય વ્યક્તિઓએ ડીઆરડીઓને અભિનંદન પાઠવ્યા છે. અગ્નિ–5ના નિર્માણ સાથે જ ભારત વિશ્વનો પાંચમો દેશ બની ગયો છે; જે ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલનું ઉત્પાદન કરી શકે છે. અમેરિકા, રશિયા, ફ્રાંસ અને ચીન આ પ્રકારની મિસાઈલ બનાવી ચૂક્યા છે. આ મિસાઈલની સહેલાઈથી હેરફેર કરી શકાય છે અને ગમે તેવા વાતાવરણ કે સ્થળેથી ટ્રકમાંથી લોન્ચ કરી શકાય છે.

## ભારતના સંરક્ષણ માટેનાં શસ્ત્રોનું વિહંગાવલોકન :

દિવસ હતો 19 એપ્રિલનો અને સાલ 1975, ભારતે ઈસરો દ્વારા નિર્મિત તેનો પ્રથમ ઉપગ્રહ રશિયાના રોકેટ દ્વારા અંતરિક્ષમાં તરતો મૂક્યો હતો. ભારતે તેના મિસાઈલ કાર્યક્રમના સૌથી વધારે મહત્વાકાંક્ષી મિસાઈલ અગ્નિ–5નું સફળ પરીક્ષણ કરી બતાવ્યું છે. વિશ્વમાં અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાન્સ અને ચીન બાદ ભારત સ્વદેશી ઈન્ટર કન્ટિનેન્ટલ બેલાસ્ટિક મિસાઈલ (IBM) વિકસાવીને, દુનિયાની કહેવાતી લશ્કરી મહાસત્તાની હરોળમાં આવી ગયું છે. વર્ષ ૨૦૧૨માં જ્યારે ભારતે અગ્નિ–૫નું પ્રથમવાર પરીક્ષણ કર્યું; ત્યારે ભારતે અગ્નિ–5 મિસાઈલની રેન્જ 5000 કિ.મી. જાહેર કરી હતી. કહેવાય છે કે, નાટોના દબાણ હેઠળ અગ્નિ–5ની ટેસ્ટ રેન્જ ઘટાડવામાં આવી હતી. જેથી એશિયા ખંડની શાંતિ જોખમાય નહીં. હકીકત એ છે કે પૃથ્વીના એક ખંડ ઉપરથી બીજા ખંડ ઉપર આવેલ ટાર્ગેટ પર ત્રાટકવાની ક્ષમતા અગ્નિ–5 માં છે. તેની રેન્જ 5000 થી 9000 કિ.મી.ની છે.

5 મીટર ઊંચાઈ, 2 મીટર વ્યાસની અને લગભગ 50 ટન વજન ધરાવતી અગ્નિ–5 મિસાઈલ 1.50 ટન જેટલો બોજ લઈને સફળતાપૂર્વક તેના લક્ષ્યાંક સુધી પહોંચી હતી. ચીને મિસાઈલની રેન્જ છુપાવવાનો ભારત પર આક્ષેપ મૂક્યો હતો. મિસાઈલ અગ્નિ–5ના સફળ પરીક્ષણ અને બનાવટ પાછળ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) ના 800 વૈજ્ઞાનિકોનો ત્રણ વર્ષની આકરી મહેનતનો અદ્રશ્ય હાથ છે.

ભારતે 19 મે, 1974ના રોજ પ્રથમ પરમાણુ વિસ્ફોટ કર્યો હતો અને ત્યારબાદ 1998માં પરમાણુ વિસ્ફોટ કરી ભારતીય વિજ્ઞાન અને વૈજ્ઞાનિક તાકાતનો વિશ્વને પરિચય કરાવ્યો હતો.

અગ્નિ–5ના ટેકનિકલ પાસા જોઇએ તો, તે ભૂમિથી ભૂમિ ઉપરના લક્ષ્યાંકને ભેદનાર મિસાઈલ (સરફેસ ટુ સરફેસ મિસાઈલ) છે. જેના વિકાસ પાછળ રૂ. 2500 કરોડ કરતાં વધારે ખર્ચ થઈ ચૂક્યો છે. સોલિડ અને ઘન બળતણ

Astha Academy Mo. 8980961441

વડે તે શક્તિ મેળવીને ઊડે છે. ત્રણ સ્ટેજના આ મિસાઈલનો પ્રથમ સ્ટેજ અગ્નિ–૩ માંથી લેવામાં આવ્યો છે. બીજા સ્ટેજને સુધારા–વધારા કરીને વિકસાવાયો છે, જ્યારે ત્રીજો તબક્કો આગળના તબક્કાઓને સંકોચીને મીનીએચર સ્વરૂપ આપવામાં આવ્યુ છે. માત્ર 20 મિનિટમાં તે 5000 કિ.મી. જેટલા દૂરના અંતરે ત્રાટકી શકે છે. અગ્નિ–5 800 કિ.મી.ની ઊંચાઈ સુધી જવાની ક્ષમતા રાખે છે. અગ્નિ–5 નો 85% હિસ્સો અને ટેકનોલોજી સંપૂર્ણપણે ભારતીય છે.

વર્ષ ૨૦૧૨માં ઓરિસ્સાના દરિયાકાંઠાથી દૂર આવેલ વ્હીલર આઈલેન્ડ પરથી રેઈલ મોબાઈલ લોન્ચરનો ઉપયોગ કરી અગ્નિ–5 નું પરીક્ષણ સૌપ્રથમ કરવામાં આવ્યું હતું. રિંગ લેસર ગાયરોસ્કોપ અને દિશાશોધન માટેની નેવીગેશન સિસ્ટમ અતિ–આધુનિક છે.

**ભારતનો મિસાઈલ કાર્યક્રમ :**

આ પ્રોગ્રામની શરૂઆત 1980ના દાયકામાં ઈન્દિરા ગાંધીની નિગરાની હેઠળ થઈ હતી.

મિસાઈલ વિકસાવવા માટે ભારતે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામના માર્ગદર્શન હેઠળ ઈન્ટીગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ શરૂ કર્યો હતો. જેમાં હવાઈદળ માટેની એડવાન્સ એર ડિફેન્સ સિસ્ટમ, ભૂમિદળ અને નૌકાદળ માટે બિલિસ્ટિક મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ વિકસાવવાનો હેતુ હતો.

**પૃથ્વી :**

પૃથ્વી મિસાઈલ ભારતની નૌસેના અને વાયુદળ અને ભૂમિદળ એમ ત્રણેની જરૂરિયાત પૂરી કરી શકે તેમ વિકસાવવામાં આવ્યું છે. પૃથ્વીના ત્રણ અલગ અલગ મોડલ છે. પૃથ્વી–1 એ ભૂમિદળ માટે વિકસાવાયેલ મિસાઈલ છે; જેની મર્યાદા 150 કિ.મી. છે. તે 1 ટન જેટલો શસ્ત્રનો ભાર લઈ જઈ શકે છે. પૃથ્વી–2 વાયુદળ માટે વિકસાવેલ મિસાઈલ છે. જેની મહત્તમ મર્યાદા 250 કિ.મી. અને શસ્ત્રભાર ક્ષમતા 500 કિ.ગ્રા. જેટલી છે. પૃથ્વી–3 નૌકાદળ માટે વિકસાવાયેલ મિસાઈલ છે. જેની મહત્તમ આક્રમણની રેન્જ 350 કિ.મી. અને શસ્ત્રભાર ક્ષમતા 500 કિ.ગ્રા. છે.

**અગ્નિ :**

અગ્નિ એ ભારતની મધ્યમ પ્રહાર મર્યાદાવાળી મિસાઈલથી લઈને આંતરખંડીય બેલાસ્ટિક મિસાઈલ જેવી ખૂબ જ લાંબા અંતરની પ્રહાર મર્યાદા ધરાવે છે. અંગ્રેજીમાં મધ્યમ પ્રહાર મર્યાદાને ઈન્ટર મીડિએટ રેન્જ બેલાસ્ટિક મિસાઈલ (IRBM) કહે છે અને લાંબા અંતર સુધી પ્રહાર કરી શકે તેને ઈન્ટર કોન્ટિનેન્ટલ બેલાસ્ટિક મિસાઈલ કહે છે. અગ્નિ–5 એ ICBM છે. તેમાં સ્વદેશી 'રિંગ લેસર ગાયલોસ્કોપ' અને રોકેટ મોટર વાપરવામાં આવી છે અને તેને રોડ–મોબાઈલ લોન્ચર વડે છોડી શકાય છે.

**પ્રદ્યુમન બેલાસ્ટિક મિસાઈલ ઈન્ટરસેપ્ટર :**

પૃથ્વી મિસાઈલનો અને ભારતીય વાયુદળનો ઉપયોગ કરી ખાસ મિસાઈલનો સંરક્ષણાત્મક કવચ માટેનો પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે; તેને પ્રદ્યુમન બેલાસ્ટિક મિસાઈલ ઈન્ટરસેપ્ટર કહે છે. તેનું મુખ્ય કામ યુદ્ધ સમયે ભારતીય ક્ષેત્રમાં આવતાં ફાઈટર વિમાનો અને તેના દ્વારા છોડવામાં આવતી મિસાઈલ કે અન્ય મિસાઈલ હુમલાને વચમાં આંતરીને ફાઈટર પ્લેન કે મિસાઈલને તોડી પાડનાર મિસાઈલને ઈન્ટરસેપ્ટર મિસાઈલ કહે છે. 80 કિ.મી. જેટલી ઉંચાઈએ આવતા અને 300 થી 2000 કિ.મી.ની સીમા રેખામાં આવતા કોઈ પણ મિસાઈલ કે પ્લેનને અવાજ કરતાં 5 ગણી ઝડપથી જઈને પ્રદ્યુમન મિસાઈલ ઈન્ટસેપ્ટર તોડી પાડે છે.

**આકાશ :**

મધ્યમ પ્રહાર મર્યાદાવાળી અને સપાટીથી હવામાં છોડી શકાય તેવી મિસાઈલને આકાશ મિસાઈલ સિસ્ટમ કહેવામાંઆવે છે. આકાશની એક બેટરી એટલે એકમમાં 4 રોકેટ લોન્ચ ગોઠવેલા હોય છે. રાજેન્દ્ર નામના અનેક રડાર ગોઠવેલા હોય છે. પરદેશના મિસાઈલ સિસ્ટમ કરતાં અડધી કિંમતમાં ભારતે પોતાની મિસાઈલ સિસ્ટમ વિકસાવેલી છે. આ સિસ્ટમને પરદેશમાં પણ નિકાસ કરવામાં આવે છે.

**ત્રિશૂલ :**

અત્યંત નજીકની પ્રહાર મર્યાદાવાળી મિસાઈલ સિસ્ટમ એટલે ત્રિશૂલ મિસાઈલ સિસ્ટમ. જેની પ્રહાર મર્યાદા 9 કિ.મી. ની છે, પરંતુ બિનઅધિકૃત રિપોર્ટ પ્રમાણે 3 મીટર લાંબા આ મિસાઈલની પ્રહાર મર્યાદા 12 કિ.મી. છે અને તેમાં 15 કિ.ગ્રા. જેટલા વજનવાળા વિસ્ફોટક શસ્ત્રો ફીટ કરી શકાય.

**નાગ :**

યુદ્ધ ભૂમિ પર લડતી યુદ્ધ ટેન્કનો નાશ કરવા માટે નાના કદના એન્ટીટેન્ક વિકસાવાયા છે. તેની પ્રહાર મર્યાદા 3 થી 7 કિ.મી. છે. ટેન્ક અથવા તેમાંથી છોડવામાં આવતા મિસાઈલની ઈમેજ ઓળખીને નાગ તેના ઉપર હુમલો કરે છે. તેનો ઉપયોગ રાત્રે પણ કરી શકાય છે. નાગ મિસાઈલને ભૂમિદળના લશ્કરી વાહન કે હેલિકોપ્ટર સાથે ફીટ કરી શકાય છે. આ સિસ્ટમમાં 1 યુનિટ વાહનમાં 4 રેડી ટુ ફાયર મિસાઈલ ગોઠવેલી હોય છે.

**ભારતીય મિસાઈલની કેટલીક લાક્ષણિકતાઓ :**

Astha Academy Mo.8980961441

**આકાશ**

હવાઈ દળના એરક્રાફ્ટને નિશાન બનાવવા માટેનું એન્ટી એરક્રાફ્ટ મિસાઈલ છે; જે 2.50 મેકની સુપર સોનિક ઝડપે છૂટે છે.


**ત્રિશૂલ**

9 થી 12 કિ.મી.ની ટૂંકી રેન્જમાં 6 કિ.ગ્રા.ના વોરહેડ લઈ જઈ શકે છે. નૌકાદળની યુદ્ધ નૌકા બચાવવા, યુદ્ધ નૌકા ઉપરથી પણ તેનું પ્રક્ષેપણ થઈ શકે છે.

**નાગ**

હાઈપર સોનિક મિસાઈલ છે; જે નીચી ઊંચાઈએ પણ 7.50 મેકની ઝડપ પ્રાપ્ત કરી શકે છે. પરીક્ષણમાં તેણે 5.00 મેકની ઝડપ પ્રાપ્ત કરી બતાવી છે.

**જંગના સ્થાને બૈજલ દિલ્હીના લે. ગવર્નર :**



વાજપેયી સરકારમાં ગૃહસચિવ રહી ચૂકેલા અનિલ બૈજલ નજીબ જંગના સ્થાને દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર નિયુક્ત થયા છે. તેઓ 1969 બેચના IAS છે.

**મ.પ્ર.ના પૂર્વ CM–ભાજપ નેતા સુંદરલાલ પટવાનું નિધન**

મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી સુંદરલાલ પટવાનું (92) નિધન થયુ છે. 20 જાન્યુઆરી, 1980માં પહેલી વખત મધ્યપ્રદેશના CM બન્યા હતા.

**વિરલ આચાર્ય RBIના નવા ડે. ગવર્નર**



વિરલ આચાર્ય રિઝર્વ બેન્કના નવા ડેપ્યુટી ગર્વનર નિયુક્ત કરાયા છે. કેબિનેટની નિમણૂક સમિતિએ તેમના નામને મંજુરી આપી દીધી છે. 42 વર્ષના વિરલનો કાર્યકાળ ત્રણ વર્ષનો રહેશે. હાલ તેઓ ન્યૂયોર્ક યુનિવર્સિટીની સ્ટર્ન સ્કુલ ઓફ બિઝનેસમાં ઈકોનોમિક્સના પ્રોફેસર છે. રિસર્ચ માટે પ્રખ્યાત આચાર્યે ગત વર્ષે નબળી સરકારી બેંકોના ખાનગીકરણની ભલામણ કરી હતી.

**યૂથ વિમેન્સ શૂટિંગ ટૂર્નામેન્ટમાં વિશ્વા બઢિયાને બ્રોન્ઝ મેડલ :**

પૂણેમાં યોજાયેલી 60મી નેશનલ શૂટિંગ ચેમ્પિયનશીપમાં વિશ્વા બઢિયાએ 10 મીટર એર રાઈફલ યૂથ કેટેગરી ટીમ ઈવેન્ટમાં 408.4 પોઈન્ટ સાથે બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. ગુજરાતની ટીમની અન્ય શૂટર શ્રદ્ધા થુમારે 410.6 પોઈન્ટ તથા ઈલાવેનિલ વાલારિવને 407.5 પોઈન્ટ હાંસલ કર્યા હતા. ગુજરાતે ટીમ ઈવેન્ટમાં કુલ 1226.5 પોઈન્ટ મેળવીને બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

**આર્જેન્ટિનાના પૂર્વ રાષ્ટ્રપતિ ક્રિસ્ટીના પર ભ્રષ્ટાચારનો કેસ**

**ઓનલાઈન ઠગાઈ બદલ 5 કરોડ સુધીનું વળતર માગી શકાશે :**

ડિમોનિટાઈઝેશન બાદ રાજ્યમાં કેશલેસ ટ્રાન્ઝેક્શનનો વ્યાપ વધે તેવા પ્રયાસો રાજ્ય સરકાર કરી રહી છે; ત્યારે ઓનલાઈન નાણાકીય છેતરપિંડીના કિસ્સામાં પણ લોકોને તાત્કાલિક ન્યાય મળે તે માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. છેતરપિંડીના કિસ્સામાં લોકો પોલીસ ફરિયાદ ઉપરાંત સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના સચિવને પણ અરજી કરીને 5 કરોડ સુધીના વળતર માટે દાદ માંગી શકશે. સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના સચિવની એડ્જ્યુડિકેટિંગ ઓફીસર તરીકે નિમણૂક કરીને તેમને સિવિલ કોર્ટની સત્તા સોંપવામાં આવી છે.

રાજ્ય સરકારે જાહેર કરેલી યાદી પ્રમાણે આઈટી એક્ટ હેઠળ ઓફીસર સમક્ષ ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બનનાર 5 કરોડ સુધીની દાદ માંગી શકશે. કમ્પ્યુટર સિસ્ટમને નુકસાન, ઓનલાઈન ટ્રાન્ઝેક્શનથી રૂપિયા બેંકમાં તબદીલ કર્યા હોય, ઈલેક્ટ્રોનિક ડેટાની ચોરી થઈ હોય તથા કેવાયસીનો ભંગ હોય તેવા કિસ્સામાં પણ ફરિયાદ થઈ શકશે. ડેટાને સુરક્ષિત કરવામાં નિષ્ફળતા બદલ વળતર અને દંડની પણ જોગવાઈ છે.

આઈટી અધિનિયમમાં સુધારા મુજબ દરેક રાજ્યના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના સચિવને એડ્જ્યુડિકેટિંગ ઓફીસર તરીકે જાહેર કરવામાં આવ્યા છે. જેઓને સિવિલ કોર્ટની સત્તા આપવામાં આવી છે.

**આણંદના સમિતે 359 રન કરી 117 વર્ષનો રેકોર્ડ તોડ્યો :**



ગુજરાતના આણંદ નિવાસી ઓપનર સમિત ગોહેલે જયપુરમાં ઓરિસ્સા સામે રણજી ક્વાર્ટરમાં અણનમ 359 રન કરીને ઈતિહાસ સર્જ્યો હતો. સમિતે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં કોઈપણ ઓપનિંગ બેટ્સમેનના સર્વાધિક સ્કોરના 117 વર્ષ જૂના રેકોર્ડને તોડ્યો હતો. અગાઉ ઓપનર તરીકે 1899માં ઈંગ્લિશ કાઉન્ટી સરેના બોબી એબલે સમરસેટ સામે 357 રન કર્યા

Astha Academy Mo 8980961441

હતા. 30 નવેમ્બરે ગુજરાતના પ્રિયાંક પંચાલે પણ ઈનિંગ્સમાં સર્વોચ્ચ અણનમ 314 રન બનાવ્યા હતા.

સમિત રણજી ટ્રોફી ક્રિકેટમાં ત્રેવડી સદી ફટકારનારો ગુજરાતનો બીજો બેટ્સમેન બની ગયો છે. તે પહેલા 30 મી નવેમ્બરે વર્તમાન રણજી સિઝનમાં જ ઓપનર પ્રિયાંક પંચાલે પંજાબ સામે અણનમ 314 રન ફટકાર્યા હતા. સમિતે પ્રિયાંકના ગુજરાત તરફથી સૌથી વધુ રન કરવાના રેકોર્ડને તોડ્યો હતો.

**2016 રણજી સિઝનમાં 5 મી ત્રેવડી સદી**

| | | | |
|---|---|---|---|
| 1. | સમિત ગોહેલ (ગુજરાત) | 359 | વિરુદ્ધ ઓરિસ્સા |
| 2. | સ્વપ્નિલ ગુગાલે (મહારાષ્ટ્ર) | 351 | વિરુદ્ધ દિલ્હી |
| 3. | પ્રિયાંક પંચાલ (ગુજરાત) | 314 | વિરુદ્ધ પંજાબ |
| 4. | રિષભ પંત (દિલ્હી) | 308 | વિરુદ્ધ મહારાષ્ટ્ર |
| 5. | સગુન કામત (ગોવા) | 304 | વિરુદ્ધ સર્વિસિસ |

**20 હજાર NGOના FCRA લાઈસન્સ રદ કરાયાં :**

નવી દિલ્હી સરકારે દેશમાં રજિસ્ટર્ડ 33 હજાર NGO માંથી 20 હજારના FCRA લાઈસન્સ રદ કરી દીધાં છે. જેમણે FCRAના નિયમોનું ઉલ્લંઘન કર્યું હતું. હવે આ NGO વિદેશી ભંડોળ નહી લઈ શકે. કાનૂની રીતે હવે માત્ર 13 હજાર NGO જ માન્ય રહેશે.

**ડાર્ક મેટર સંબંધી શોધ કરનારા ખગોળશાસ્ત્રી રુબીનનું નિધન :**

પ્રિન્સ્ટન ડાર્ક મેટર માટે મજબૂત પુરાવા એકઠા કરવામાં પોતાનું યોગદાન આપનારા અમેરિકાના પ્રસિદ્ધ ખગોળશાસ્ત્રી વેરા રુબીનનું નિધન થયું છે. તેઓ નેશનલ એકેડમી ઓફ સાયન્સ માટે પસંદ થયેલા બીજાં મહિલા ખગોળશાસ્ત્રી હતાં.

**પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના, 2016 અંતર્ગત આપની અઘોષિત આવક ઘોષિત કરવામાં આવે છે. આ યોજના 31 માર્ચ, 2017 સુધી લાગુ છે.**

**મહારાષ્ટ્રમાં અલગ OBC મંત્રાલયની રચના થશે :**

સરકારે શિવસ્મારકના જળપૂજન પછી જુદું ઓબીસી મંત્રાલય સ્થાપવાનો અત્યંત મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. છેલ્લા 30 વર્ષથી થઈ રહેલી આ માગણીને ફડણવીસ સરકારે સ્વીકારી લીધી છે.

વિમુક્ત જાતી, ભટકતી જાતી, અન્ય પછાત વર્ગો અને વિશેષ પછાત વર્ગો માટે આર્થિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસ માટે અમલમાં મૂકાતી વિવિધ યોજનાઓની અસરકારક અમલવારી કરવા સાથે તેમના સર્વાંગી વિકાસ માટે રાજ્યમાં હવે જુદુ ઓબીસી મંત્રાલય થશે.

**'યુપી દંગલ – નવો જોશ નવું દંગલ'**

ગીતા ફોગટ ઉત્તર પ્રદેશની ટીમ યૂપી દંગલની



સુકાની છે. ઉત્તર પ્રદેશની ટીમને એક કાર્યક્રમમાં લોન્ચ કરવામાં આવી હતી, જ્યાં તેને યુપી દંગલનું નામ આપવામાં આવ્યું હતું. યુપી દંગલનો લોગો અને મૂળ મંત્ર 'યુપી દંગલ – નવો જોશ નવું દંગલ' રાખવામાં આવ્યું છે. ગીતા દિલ્હી કોમનવેલ્થ ગેમ્સ, 2010ની ગોલ્ડ વિજેતા અને વર્લ્ડ ચેમ્પિયનશીપની ? મેડલ વિજેતા છે.

**ચીન ચંદ્રની બીજી બાજુ ઉતરનારો પહેલો દેશ બનશે :**

ચીન ચંદ્રના બીજા વિસ્તાર પર ઉતરનારો પ્રથમ દેશ બનશે. ચીને પોતાના મહત્વાકાંક્ષી અંતરિક્ષ કાર્યક્રમ વિશે જાણકારી આપી છે. તેણે કહ્યુ છે કે, ચંદ્રનો જે ભાગ આપણે જોઈ શકતા નથી તે ભાગની તપાસ માટે અમે લોકો 2018માં યાન મોકલીશું. તે પછી ચીન અહીં ઉતરનારો દુનિયાનો પ્રથમ દેશ બની જશે.

**ચંદ્રની બીજી બાજુ એટલે..........**

જ્યારે આપણે ચંદ્રને જોઇએ છે ત્યારે તેનો એક જ ભાગ જોવા મળે છે. નરી આંખે જુઓ અથવા દૂરબીનથી જુઓ તો તેના ખાડા, પહાડ વગેરે જોઈ શકાય છે. પૃથ્વીથી ચંદ્રનો માત્ર 18 ટકા ભાગ જોઇ શકાય છે. તેનો 82 ટકા ભાગ આપણે જોઇ શકતા નથી. ત્યાં શું છે, કેવું વાતાવરણ છે, પ્રકાશ છે કે અંધકાર છે તે એક રહસ્ય છે. તેને બોલચાલની ભાષામાં ધી અધર સાઈડ ઓફ ધી મૂન તરીકે ઓળખવામાં આવે છે. તેને ચંદ્રનો અંધકારવાળો ભાગ પણ કહેવામાં આવે છે.

**શું કોઈએ તે ભાગ જોયો છે......**

હા, જોયો છે. 1989માં સોવિયત સંઘના લૂના–3 અંતરિક્ષ યાને તે ભાગની તસવીર લીધી હતી. સોવિયેત વિજ્ઞાન અકાદમીએ 1960માં તેને બીજી બાજુના પ્રથમ એટલાસ તરીકે પ્રકાશિત કર્યા હતા. 1968માં અમેરિકન અંતરિક્ષ યાન અપોલો–8ના અંતરિક્ષ યાત્રી આ ભાગને જોનારા પ્રથમ માણસ હતા. તેમણે ચંદ્રની પ્રદક્ષિણા કરતાં આ દશ્ય જોયું હતું. પરંતુ અત્યાર સુધી કોઇ માનવ યાન ત્યાં ઉતરી શક્યું નથી.

Astha Academy Mo.8980961441

**સુરેશ કલમાડીને ભારતીય ઓલિમ્પિક સંઘના આજીવન પ્રમુખ પરથી દૂર કરાયા :**


દિલ્હી કોમનવેલ્થ ગેમ્સના આરોપી સુરેશ કલમાડીને ભારતીય ઓલિમ્પિક સંઘ (આઈઓએ)ના આજીવન પ્રમુખ બનાવાયા હતા. આઈઓએની વાર્ષિક સામાન્ય સભામાં આ નિર્ણય લેવાયો હતો. તે ઉપરાંત હરિયાણા ઓલિમ્પિક સંઘના પ્રમુખ અભયસિંહ ચૌટાલા પણ આઈઓએના આજીવન પ્રમુખ ચૂંટાયા હતા. આઈઓએ સાથે જોડાયેલા અધિકારીઓના જણાવ્યા અનુસાર તમામ પૂર્વ પ્રમુખોને આજીવન પ્રમુખ બનાવવાની પરંપરા છે, તેથી કલમાડીને પણ બનાવાયા છે. કલમાડી અને ચૌટાલા પહેલા પૂર્વ પ્રમુખ વિજયકુમાર મલ્હોત્રાને પણ આજીવન પ્રમુખ બનાવાઈ ચૂક્યા છે.

કલમાડી 70 હજાર કરોડના કોમનવેલ્થ ગેમ્સ કૌભાંડમાં 10 મહિના જેલમાં રહ્યા છે. તેઓ હાલ જામીન પર બહાર છે. 72 વર્ષના કલમાડી 1996 થી 2011 સુધી આઈઓએના પ્રમુખ હતા. તેમને ગયા વર્ષે ઈન્ડિયન એથ્લેટિક્સ એસોસિયેશનના પણ આજીવન પ્રમુખ તરીકે ચૂંટવામાં આવ્યા હતા. જ્યારે ચૌટાલા ડિસેમ્બર 2012 માં આઈઓએના પ્રમુખ ચૂંટાયા હતા. આ ચૂંટણીઓને ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટીએ વિવાદાસ્પદ ગણાવી હતી. કલમાડી અને ચૌટાલાની નિયુક્તિઓ બાદ કેન્દ્રિય રમત મંત્રાલયે IOAને તેમના આ નિર્ણયને પરત ન લે ત્યાં સુધી અસ્થાઈ રીતે સસ્પેન્ડ કરી દીધું હતું. રમત મંત્રી વિજય ગોયલે આ નિયુક્તિઓને ખોટી ઠેરવીને આઈઓએને કારણ બતાઓ નોટિસ આપી હતી.

**ભરૂચ સિવિલમાં 300 બેડની કોલેજ શરૂ થશે :**

રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીએ ભરૂચની સિવિલની મુલાકાત વખતે નવી સિવિલ હોસ્પિટલની સુવિધાઓ તેમજ સિવિલ સંકુલના તમામ વિસ્તારનું નિરિક્ષણ કરવા સાથે વહેલી તકે ભરૂચમાં 300 બેડની મેડિકલ કોલેજ શરૂ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

**રાષ્ટ્રીય ચિહ્ન આપનારા દીનાનાથ ભાર્ગવનું નિધન :**



રાષ્ટ્રીય ચિહ્ન અશોક સ્તંભનું સ્કેચ તૈયાર કરનારી ટીમના સભ્ય અને ભારતીય બંધારણની પાંડુલિપિના પૃષ્ઠો તૈયાર કરનારા ચિત્રકાર દીનાનાથ ભાર્ગવનું શનિવારે નિધન થયું હતું.

**ખામી સર્જાતાં રશિયન વિમાન તૂટી પડ્યું, 92 પ્રવાસીઓનાં મૃત્યુ :**

રશિયાનું એક વિમાન સીરિયા જતું હતું ત્યારે બ્લેક સીમાં ક્રેશ થઈ ગયું હતું. વિમાનમાં 92 લોકો સવાર હતા જેમાં કોઈના બચાવની સંભાવના નથી.

**૨૫ ડિસેમ્બર – 'ગૂડ ગવર્નન્સ ડે'**

દેશના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપેઈના જન્મદિન ૨૫ ડિસેમ્બરને 'ગૂડ ગવર્નન્સ ડે' તરીકે ઉજવવામાં આવે છે. વર્ષ ૨૦૧૪થી આ દિવસ ઉજવવામાં આવે છે.

**ટાગોર હોલ ખાતે હસ્તોપનિષદ ગ્રંથનું વિમોચન કરાયું :**

ભારતીય જ્યોતિષ સંસ્થાન દ્વારા પ્રકાશિત અને જ્યોતિષ ઉપેન્દ્રસિંહજી ભદોરિયા લિખિત હસ્તોપનિષદ ગ્રંથનું વિમોચન કરવામાં આવ્યું હતું.

**ગણપત યુનિવર્સિટીમાં ગણિત મંડળનું 53મું અધિવેશન :**

ગણપત યુનિવર્સિટી, ગણપત વિદ્યાનગર ખાતે ગણિત કલબના ત્રિ–દિવસીય 53મા અધિવેશનનું આયોજન કરાયું હતું. ગણપત યુનિવર્સિટીની મહેસાણા અર્બન ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સીસ, ગણિત મંડળના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ અધિવેશનમાં મુખ્ય મહેમાન તરીકે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા હાજર રહ્યા હતા.

**કેરળના પ્રસિદ્ધ શબરીમાલા મંદિરમાં નાસભાગથી 40 ઘવાયા, 5 ગંભીર :**

પાંચ વર્ષ પહેલાં શબરીમાલાના પરિસરમાં 14 જાન્યુઆરી 2011ના રોજ થયેલી નાસભાગમાં 106 લોકોનાં મૃત્યુ થયા હતાં અને 100 લોકો ઘાયલ થયા હતા.

**ભોપાલમાં કચરાના નિકાલ માટે ઘરે ઘરે પાઈપલાઈન લગાવવામાં આવશે :**

ભોપાલમાં પ્રસ્તાવિત સ્માર્ટ સિટીમાં હવે ઘેર–ઘેર કચરો ઉપાડવા માટે કર્મચારી નહી આવે. તેના બદલે વ્યવસ્થા આધુનિક તથા સ્વયંસંચાલિત હશે. ઘરેલું કચરા માટે ડોર ટુ ડોર પાઈપલાઈન પાથરવામાં આવશે. તેમાં એરપ્રેશરથી કચરો ડમ્પિંગ સ્ટેશન સુધી પહોંચાડાશે. તેને લઈને સ્માર્ટ સિટી માટે માસ્ટરપ્લાન તૈયાર કરી રહેલ કંપની તાતા એન્જિનિયર્સે પ્રોજેક્ટ તૈયાર કરી નિગમને સોંપી દીધો છે. આ કામ સ્માર્ટ સિટી કંપની કરશે. કચરા માટે અંડરગ્રાઉન્ડ પાઈપલાઈન પાથરવામાં આવશે. તેમાં 70 કિ.મી. પ્રતિકલાકના એરપ્રેશરથી કચરો ફ્લો થશે. તેની ડિઝાઈન એવી હશે જેનાથી કચરાને લીધે લાઈન બ્લોક નહી થાય.

**હૉટેલની સર્વિસ ના ગમે તો સર્વિસ ચાર્જ માટે ના પાડી શકાય :**

Astha Academy Mo.8980961441

કેન્દ્રીય ગ્રાહક બાબતોના મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે કોઇ પણ કંપની, હોટેલ કે રેસ્ટોરન્ટ ગ્રાહકો પાસેથી બળજબરીથી સર્વિસ ચાર્જ વસૂલી શકે નહીં. ગ્રાહક બાબતોના મંત્રાલયે તમામ રાજ્ય સરકારોને કહ્યુ કે તેઓ કંપનીઓ, હોટેલો અને રેસ્ટોરન્ટોને આ અંગે સાવચેત કરે. અત્રે નોંધનીય છે કે બિલમાં ટેક્સ ઉપરાંત સર્વિસચાર્જ ઉમેરાયો હોય તો સર્વિસચાર્જ ચૂકવવો કે નહી તે ગ્રાહકોની મરજીની વાત છે તેવી જોગવાઈ પહેલેથી હતી પણ હોટેલો અને રેસ્ટોરન્ટોએ સર્વિસચાર્જ પણ જરૂરી બનાવી દીધો છે. મંત્રાલયને ગ્રાહકની મંજૂરી વિના સર્વિસચાર્જ વસૂલાતો હોવાની ફરીયાદો મળતા તેણે આ સ્પષ્ટીકરણ કર્યું છે.

**સુપ્રીમ કોર્ટે ઠાકુર–શિર્કેને BCCI માંથી દૂર કર્યા**

સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ચુકાદામાં બીસીસીઆઇના અધ્યક્ષ અનુરાગ ઠાકુર અને સચિવ અજય શિર્કેને હાંકી કાઢ્યા છે. 18 જુલાઈ, 2016નો ચુકાદો અમલ નહી કરવા બાબતે આ કાર્યવાહી કરાઈ છે. સાથે જ કોર્ટમાં જુઠાં તથ્યો રજૂ કરવા અને અવમાનના બદલ એક નોટિસ પણ પાઠવી છે.

બીસીસીઆઇના 88 વર્ષના ઈતિહાસમાં આ પહેલીવાર બની રહ્યું છે કે જ્યારે તેના અધ્યક્ષને સુપ્રીમ કોર્ટે હટાવ્યા છે. જે ઈન્ડિયન પ્રીમિયર લીગે (આઈપીએલ) બીસીસીઆઈને 8000 કરોડની સંસ્થા બનાવી, તે જ લીગમાં થયેલી સ્પોટ ફિક્સિંગની ઘટનાએ તેની સિસ્ટમને ઉથલાવી દીધી છે.

**કેમ બની લોઢા સમિતિ, કેમ હટાવવામાં આવ્યા અનુરાગ ઠાકર અને અજય શિર્કે ?**

2013માં આઈપીએલમાં સ્પોટ ફિક્સિંગ થઈ હતી. તેમાં બુકીઓ, ખેલાડીઓ અને ફ્રેન્ચાઈઝી મેમ્બર્સ વચ્ચે સંબંધો સામે આવ્યા હતા. ઓક્ટોબર 2013માં સુપ્રીમ કોર્ટે જસ્ટિસ મુકુલ મુદગલની અધ્યક્ષતામાં સમિતિ બનાવી હતી. આ સમિતિએ ચેન્નાઈ સુપરકિંગ્સ અને રાજસ્થાન રોયલ્સને આરોપી માની. ચેન્નાઈ સુપરકિંગ્સ અને રાજસ્થાન રોયલ્સ સહિત IPL સ્પોટ ફિક્સિંગના આરોપીઓ સામે સજા નક્કી કરવા માટે સુપ્રીમ કોર્ટે જાન્યુઆરી, 2015માં જસ્ટિસ આર. એમ. લોઢાના નેતૃત્વમાં ત્રણ સભ્યોની સમિતિ બનાવી હતી. આ સાથે જ સમિતિને બીસીસીઆઈના માળખામાં બદલાવ કરવાની ભલામણોનો પણ અધિકાર આપ્યો. લોઢા સમિતિએ ઘણી ભલામણો રજૂ કરી. આ જ ભલામણોને માનવા માટે બોર્ડ આનાકાની કરી રહ્યું હતું. જે કારણે સુપ્રીમે અંતે અધ્યક્ષ અને સચિવને બહાર કરવાનો નિર્ણય કર્યો હતો.

**અગ્નિ–4 મિસાઈલનું સફળ પરીક્ષણ :**

બાલાસોર(ઓડિશા)થી લાંબા અંતરની મારક ક્ષમતાવાળી અગ્નિ–4 મિસાઈલનું સફળ પરીક્ષણ કરાયું. ઓડિશાના અબ્દુલ કલામ આઈલેન્ડ પર મોબાઈલ પ્રણાલીથી મિસાઈલ છોડવામાં આવી હતી. 4 હજાર કિ.મી.ની મારક ક્ષમતાવાળી આ મિસાઈલ પરમાણુ વોરહેડ લઈ જવા સક્ષમ છે.

**સ્વચ્છતા એપ્લીકેશન ડાઉનલોડ કરો અને જીતો લકી ડ્રો :**




સરકારે સ્વચ્છતા એપ્લીકેશનના પ્રચાર માટે લકી ડ્રોની પદ્ધતિ અપનાવી છે. આ યોજના મુજબ ૨૧ વિજેતાઓને મળશે મોબાઈલ હેન્ડસેટ. આ સ્કીમનો લાભ તા.૦૩/૦૧/૨૦૧૭ ના રોજ રાત્રીના ૧૨.૦૦ વાગ્યા સુધી ડાઉનલોડ કરનારને જ મળવાપાત્ર રહેશે.

**65 વર્ષ જૂની વાયદા ચલાવતી સંસ્થા રાજકોટ કોમોડિટી બંધ :**

રિજિયોનલ કોમોડિટી એક્સચેન્જને સેબીમાં મર્જ કરવાનું જાહેર કરવામાં આવ્યું છે. સેબીએ દેશના રિજિયોનલ કોમોડિટી એક્સચેન્જને મર્જ કરવા માટે પ્રક્રિયા હાથ ધરી હતી. સેબીના નિયમ મુજબ રિજિયોનલ કોમોડિટીએ રૂ. 100 કરોડની કેપિટલ ઊભી કરવી આવશ્યક છે, ઉપરાંત તમામ સોદા ઓનલાઈન કરવા, સભ્યો પાસેથી વાર્ષિક રૂ. 50 હજાર ફીની વસૂલાત કરવી સહિતના આકરા નિયમો છે. સેબીના આકરા નિયમોના કારણે 65 વર્ષ જૂની સંસ્થાનો સૂર્યાસ્ત થઈ ગયો છે. એક્સચેન્જની માહિતી મુજબ સેબી મહિનામાં બે વખત બેઠક બોલાવી વહેલી તકે નિયમોનું પાલન કરવા દબાણ કરતું હતું. હાલ રાજકોટ કોમોડિટી એક્સચેન્જ પાસે રૂ. 100 કરોડનું બજેટ પણ નથી અને ઓનલાઈન ટ્રેડિંગ કરવા માટે રૂ. 11.5 કરોડનો ખર્ચ થાય તે પણ નથી. રાજકોટ કોમોડિટી એક્સચેન્જમાં હાલ માત્ર એરંડાના સોદા થાય છે.

**10 લાખથી વધુ કમાતા વક્તા, જ્યોતિષી સર્વિસ ટેક્સ ચૂકવશે :**

નવા નાણાકીય વર્ષમાં લાગુ થનારા જીએસટીમાં હવે જ્યોતિષીઓ, કથાકારો અને ટ્રસ્ટોને પણ સામેલ કરાશે. તેમની પાસેથી સર્વિસ ટેક્સ વસૂલવાની તૈયારી થઈ રહી છે. જોકે, તેમાંથી જેમની વાર્ષિક આવક 10 લાખ રૂ. થી વધુ હોય તેમણે જ સર્વિસ ટેક્સ ભરવાનો રહેશે. એનજીઓને પણ જીએસટીમાં સામેલ કરવાની તૈયારી છે. જીએસટી રજિસ્ટ્રેશન માટે પહેલાં કથાકારો, જ્યોતિષીઓની વિગતો

Astha Academy Mo.8980961441

એકઠી કરાશે. તેના લિસ્ટિંગ બાદ તેમને રજિસ્ટ્રેશન માટે નોટિસ અપાશે. ટ્રસ્ટો–એનજીઓએ પણ નિયત સમયમાં રજિસ્ટ્રેશન કરાવવું પડશે. આમ ન કરનારા ટ્રસ્ટ–એનજીઓના રજિસ્ટ્રેશન અને કથાકારોના કાર્યક્રમોની એનઓસી રદ થઈ શકે છે.

**LPG ની ઓનલાઈન ખરીદી પર રૂ. 5નું ડિસ્કાઉન્ટ :**

પેટ્રોલ અને ડીઝલ બાદ હવે ગેસ સિલિન્ડરની ચૂકવણી ઓનલાઈન કરવામાં આવશે; તો ગ્રાહકોને રૂ. 5નું ડિસ્કાઉન્ટ મળશે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ, હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશને આ મુજબની જાહેરાત કરી છે.

**સિવિલ એવિએશન મિનિસ્ટ્રી દ્વારા એરસેવા નામે એપ શરૂ**

મિનિસ્ટ્રી ઓફ સિવિલ એવિએશન દ્વારા તાજેતરમાં એક મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે. જે એપ દ્વારા જે–તે સ્થળના એરપોર્ટ અને ફ્લાઈટ અંગે માહિતી મળશે તેમજ ગમે તે એરપોર્ટ અંગેની ફરિયાદ ગમે ત્યાંથી કરવામાં આવે તો સંબંધિત એરપોર્ટના સંલગ્ન વિભાગને મળશે.

**વિશ્વના સૌથી મોટા કન્ઝયુમર ઈલેક્ટ્રોનિક શોનો પ્રારંભ; ઈયરફોનથી લઈને કાર સુધી 20 હજાર નવી પ્રોડક્ટ લોન્ચ થશે :**

લાસ વેગાસમાં વિશ્વની સૌથી મોટી કન્ઝ્યુમર ટેક ઈવેન્ટ 'કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક શો–2017' પ્રારંભ થયો હતો. 5 થી 8 જાન્યુઆરી સુધી ચાલનારા આ ઈવેન્ટમાં અમેરિકા સહિત દુનિયાભરની જાણીતી–પ્રસિદ્ધ ટેક કંપનીઓએ નવા પ્રોડક્ટ–ગેજેટ્સ લોન્ચ કર્યા હતા. આ વખતે આ ટ્રેડ શોનું 50 મું આયોજન થઈ રહ્યું છે.

57 દેશોની ટેક કંપનીઓ ભાગ લેશે. 20 હજારથી વધુ પ્રોડક્ટ લોન્ચ કરાશે. 2 લાખ વિઝિટર્સ વિશ્વભરમાંથી આવશે. આ શોમાં 1300 એક્ઝિબિટર્સ ચીનના (સૌથી વધુ) છે.

**મહિલા વર્લ્ડ કપ ક્વોલિફાયરમાં મિતાલી ભારતનું નેતૃત્વ કરશે :**



આઈસીસી વિમેન્સ વર્લ્ડ કપ ક્વોલિફાયરમાં મિતાલી રાજ 14 સભ્યોની ભારતીય ટીમનું નેતૃત્વ કરશે. ક્વોલિફાયર્સ મુકાબલાનું આયોજન 3 થી 21 ફેબ્રુઆરી દરમિયાન કોલમ્બો ખાતે થશે. ભારતીય ટીમ છેલ્લી વખત એશિયન કપ ટી–20માં બેંગકોક ખાતે રમી હતી અને ત્યાં તે પોતાનું ટાઈટલ બચાવવામાં સફળ રહી હતી. ટીમના મુખ્ય બે ખેલાડીઓ હરમનપ્રીત કૌર અને સ્મૃતિ મંધાના છે.

**ભારતીય ટીમ :** મિતાલી રાજ (સુકાની), હરમનપ્રીત કૌર, સ્મૃતિ મંધાના, કામીની, વેદા કૃષ્ણમૂર્તિ, દેવિકા વૈદ્ય, સુષમા વર્મા (વિકેટ કીપર), ઝુલન ગૌસ્વામી, શીખા પાંડે, શુકન્યા પરિદા, પુનમ યાદવ, એકતા બિસ્ત, રાજેશ્વરી ગાયકવાડ અને દિપ્તી શર્મા.

**વેસ્ટર્ન એશિયન યુથ ચેસમાં આર્યા વ્યાસને બ્રોન્ઝ મેડલ :**

અલ ઈન, યુએઈ ખાતે 23મીથી 30મી ડિસેમ્બર સુધી રમાયેલી પ્રથમ વેસ્ટર્ન એશિયન યુથ ચેસ ચેમ્પિયનશીપમાં ગુજરાતની ખેલાડી આર્યા અજય વ્યાસે અંડર–10 ગર્લ્સ કેટેગરીમાં શાનદાર પ્રદર્શન કરીને બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યો હતો.

**વૈદિક મુન્શાને ડબલ ટાઈટલ :**



ન્યૂયોર્ક ખાતે ફ્લશિંગ મિડોઝ ઈન્ડોર કોર્ટમાં રમાયેલી યુએસટીએ નેશનલ ટેનિસ ટૂર્નામેન્ટમાં ગુજરાતના પ્રભાવશાળી ખેલાડી વૈદિક મુન્શાએ મેન્સ તથા મિક્સ ડબલ્સના ટાઈટલ જીતીને બેવડી સિદ્ધિ હાંસલ કરી હતી. મેન્સ ડબલ્સમાં વૈદિક તથા મિલો હાયુકની જોડીએ નિકોલસ શમ્મા અને માલ્કમ હેરિસનની જોડીને 7–5, 4–6, 6–2 થી પરાજય આપીને ટ્રોફી પોતાના નામે કરી હતી.

**2030 સુધીમાં ભારત વિજ્ઞાન ટેકનોલોજીમાં મહાશક્તિ બનશે – વડાપ્રધાન મોદી**

**યુએઈમાં દાઉદની 15000 કરોડની સંપત્તિ જપ્ત કરાઈ.**

**ઉસ્તાદ બડે ફત્તેહ અલી ખાનનું નિધન :**

પાકિસ્તાનના શાસ્ત્રીય ગાયક ઉસ્તાદ બડે ફત્તેહઅલી ખાનનું અવસાન થયું છે.

**105 વર્ષની ઉંમરે સાઈકલિંગનો વિશ્વવિક્રમ :**

ફ્રાન્સના રોબર્ટ માર્શે 105 વર્ષની ઉંમરે સૌથી લાંબા અંતર સુધી સાઈકલ ચલાવીને વિશ્વવિક્રમ પોતાના નામે કર્યો છે. તેમણે નેશનલ વેલોડ્રોમમાં એક કલાકમાં 22.547 કિ.મી. સાઈકલ ચલાવી વિક્રમ સર્જ્યો છે.

**યુનુસ ખાન 11 દેશોમાં સદી ફટકારનારો પ્રથમ ખેલાડી :**

પાકિસ્તાનનો બેટ્સમેન યુનુસ ખાન ટેસ્ટમેચમાં 11 દેશોમાં સદી ફટકારનારો પ્રથમ ખેલાડી બન્યો હતો. ઓસિ.માં યુનુસે પહેલી સદી ફટકારી છે.

Astha Academy Mo. 8980961441

**વિશ્વમાં સેફ હેવન બની રહેલી ડિજિટલ કરન્સી બિટકોઇન નવી ટોચની નજીક :**




વિશ્વમાં આર્થિક અનિશ્ચિતતામાં સતત વધારો થઈ રહ્યો છે; ત્યારે નવી સલામત એસેટ સાથે ડિજિટલ ચલણ તરીકે બિટકોઇન ઊભરી આવી છે અને એ હાલ ઓલ ટાઇમ ઊંચી સપાટીની નજીકમાં છે.

**સૌરાષ્ટ્ર ક્રિકેટ એસો.માંથી નિરંજન શાહનું રાજીનામું**

સુપ્રીમ કોર્ટના ક્રિકેટ વહીવટમાં સુધારા સંબંધિત લોઢા સમિતિની ભલામણોનો સ્વીકારવાની બાબતે ક્રિકેટ વહીવટકર્તા તેમજ સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેશન (એસસીએ)ના સેક્રેટરી નિરંજન શાહે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. BCCIના ભૂતપૂર્વ ઉપાધ્યક્ષ નિરંજન શાહ સહિત ચાર ટોચના અધિકારીઓને પદથી હટાવવાની એસસીએએ જાણકારી આપી હતી. 70 વર્ષની વય મર્યાદાના કારણે સેક્રેટરી 72 વર્ષીય નિરંજન શાહ સિવાય તેના અધ્યક્ષ લાલભાઈ રાઠોડ (82) તથા બે ઉપાધ્યક્ષ નાથાભાઈ સિસોદિયા (90) અને બાલસિંહ સરવૈયા (86) પદ માટે અયોગ્ય થઈ ગયા છે.

**દેશનું પ્રથમ હાઈટેક વર્ચ્યુઅલ વર્લ્ડ ફિશ એક્વેરિયમ ઉદયપુરમાં :**

તળાવોની નગરી ઉદયપુરમાં દેશનું પ્રથમ હાઈટેક વર્ચ્યુઅલ એક્વેરિયમ બની રહ્યું છે. એક્વેરિયમ 5 કરોડની કિંમતે પાંચ સેક્શનમાં બની રહ્યું છે. આ એક્વેરિયમ પ્રવાસીઓને માછલીઓ વચ્ચે દરિયાની ઊંડાઈમાં સફરનો અહેસાસ કરાવશે. અહીંયા માછલીઓની 1500 કરતાં વધારી પ્રજાતિઓ છે. રંગબેરંગી માછલીઓથી ઘેરાયેલું આ દેશનું પ્રથમ એક્વેરિયમ હશે. અહીયં માછલીઓ સાથે સંકળાયેલા સંશોધનો પણ કરવામાં આવશે. દેશના પ્રવાસીઓ માટે 100 તથા વિદેશી માટે 200 અને બાળકો માટે 50 રૂપિયા ટિકિટ હશે.

**ધોનીએ કેપ્ટનશિપ છોડી :**



ધોનીએ ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાંથી કેપ્ટનશીપ છોડી દીધી છે. કેપ્ટન તરીકે ધોનીએ મેળવેલ સિદ્ધિઓ આ પ્રમાણે છે.

1. 100 મેચ જીતનાર એક માત્ર ભારતીય સુકાની છે.
2. 2007 માં ટી–20 ટીમનો સુકાની બન્યો હતો અને ભારતને વર્લ્ડ કપ જીતાડ્યો હતો.
3. આઈસીસીની ત્રણ ટૂર્નામેન્ટ (વન–ડે અને ટી–20 કપ, ચેમ્પિયન્સ ટ્રોફી) જીતનાર એકમાત્ર સુકાની છે.
4. વન–ડે માં સાતમા ક્રમે બેટિંગ કરીને સદી નોંધાવનાર એકમાત્ર સુકાની છે. આ સદી તેણે પાકિસ્તાન સામે 2012ના ડિસેમ્બરમાં નોંધાવી હતી.
5. ભારતીય ટીમને 2009માં નંબર–1 ટીમ બનાવી હતી.

**1 ફેબ્રુ. એ બજેટ, 4 ફેબ્રુ. થી 5 રાજ્યોમાં ચૂંટણી : 690 બેઠક માટે ચૂંટણી, 16 કરોડ મતદાર એટલે કે દેશના 19 ટકા મતદાર મત આપશે**

| રાજ્ય મુખ્યમંત્રી | | સીટ | મતદાન |
|---|---|---|---|
| અખિલેશ યાદવ<br>ઉત્તરપ્રદેશ<br>સમાજવાદી પાર્ટી |  | 403 | 11, 15, 19, 23, 27, ફેબ્રુ. 4, 8, માર્ચ |
| પ્રકાશસિંહ બાદલ<br>પંજાબ<br>ભાજપ+અકાલી |  | 117 | 4 ફેબ્રુઆરી |
| લક્ષ્મીકાન્ત પરસેકર<br>ગોવા<br>ભાજપ |  | 40 | 4 ફેબ્રુઆરી |
| હરીશ રાવત<br>ઉત્તરાખંડ<br>કોંગ્રેસ |  | 70 | 15 ફેબ્રુઆરી |
| ઓકરામ ઈબોબી સિંહ<br>મણિપુર<br>કોંગ્રેસ |  | 60 | 4, 8, માર્ચ |

Astha Academy Mo.8980961441

6. ક્રિકેટની ત્રણેય ફોર્મેટમાં 50 કરતાં વધારે મેચોમાં નેતૃત્વ કરનાર એકમાત્ર ખેલાડી (60 ટેસ્ટ, 199 વન–ડે તથા 72 ટી–20) છે.

**સુકાની તરીકે ધોનીનું વન–ડે, ટી–20 માં પ્રદર્શન :**

| ક્રિકેટ | મેચ | જીત | હાર | ટાઈ | અનિર્ણિત |
|---|---|---|---|---|---|
| વન–ડે | 199 | 110 | 74 | 4 | 11 |
| ટી–20 | 72 | 41 | 25 | 1 | 2 |

**ફોર્બ્સના સુપર અચિવર્સની યાદીમાં બે ગુજરાતી સહિત 30 ભારતીય મૂળના :**

ફોર્બ્સ મેગેઝિને 20 ઉદ્યોગ ક્ષેત્રે ઉપલબ્ધિ મેળવનારા 30 વર્ષથી ઓછી ઉંમરના યુવાનોની યાદી જાહેર કરી છે. તેમાં 30 ભારતીય મૂળના લોકોને સ્થાન મળ્યુ છે. યાદીમાં સ્વાસ્થ્ય, નિર્માણ, રમત અને નાણા જેવાં 20 વેપારી ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ફેરફાર લાવનારા 600 યુવાનોને સામેલ કરવામાં આવ્યા છે.

આ યાદીમાં ગુજરાતના પણ બે અચિવર્સ છે. 27 વર્ષની ગુજરાતની પ્રાર્થના દેસાઈએ વિકાસશીલ દેશોના લોકો માટે ડ્રોનથી સારવાર પહોંચાડવા માટે હાર્વર્ડ વિશ્વ વિદ્યાલયમાંથી અભ્યાસ છોડી દીધો. તેની હેલ્થકેર કંપની ઝિપલાઈન રવાન્ડામાં ડ્રોનથી દવાઓ મોકલવાનો પ્રયાસ કરી રહી છે.

28 વર્ષનો ગુજરાતી શોન પટેલ ઓર્થોપેડિક સર્જન છે. પટેલ હાર્વર્ડ મેડિકલ સ્કુલમાં ઓર્થોપેડિક સર્જરી માટે ચીફ રેસિડેન્ટ સર્જન છે. કેટલીય પ્રતિષ્ઠિત ચિકિત્સા જર્નલોમાં તેમના રિસર્ચ પેપર છપાઈ ચુક્યા છે. પટેલની કંપની ઓર્થોનિન્જા મોબાઈલ એપ દ્વારા ડોક્ટરો વચ્ચે વાતચીત શક્ય બનાવે છે. સામાજિક ક્ષેત્રે તેજુ રવિલોચનને 21મું સ્થાન મળ્યું છે.

**સ્ટાલિન DMKના કાર્યકારી અધ્યક્ષ**

તમિલનાડુનાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન જયલલિતાના નિધન પછી વિપક્ષ ડીએમકેમાં પણ પરિવર્તનના સંકેત જણાયા છે. 60 વર્ષ જુની પાર્ટી ડીએમકેમાં પહેલીવાર કાર્યકારી અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. આ હોદ્દો પક્ષના અધ્યક્ષ કરુણાનિધિના 63 વર્ષીય પુત્ર એમ. કે. સ્ટાલિનને આપવામાં આવ્યો છે.

**સર્બિયાનો સ્ટાર ટેનિસ ખેલાડી તથા ભૂતપૂર્વ નંબર વન નોવાક જોકોવિચ મરેને હરાવી કતાર ઓપનમાં ચેમ્પિયન :**

**ઓમ પુરીનું હ્દયરોગના હુમલાથી નિધન**

**અમદાવાદથી હવે દોડશે 'હમસફર' :**

રેલવે મંત્રી સુરેશ પ્રભુએ અમદાવાદ ચેન્નઈ હમસફર સાપ્તાહિક એક્સપ્રેસનું અમદાવાદથી પ્રસ્થાન કરાવ્યું હતું.

**વડોદરામાં 16–18 જાન્યુઆરી આંતરરાષ્ટ્રીય સોલાર કુકર કોન્ફરન્સ :**

ગુજરાતના વડોદરા નજીક ગોરજના મુની સેવા આશ્રમ ખાતે 6ઠ્ઠી સોલાર કુકર ઈન્ટરનેશનલ વર્લ્ડ કોન્ફરન્સનું આયોજન આગામી 16મી થી 18મી જાન્યુઆરી દરમિયાન થયું છે. કોલસા કે લાકડા દ્વારા રાંધતી વખતે ધુમાડો સહન કરતી મહિલાઓનું આરોગ્ય સોલર કુકરના ઉપયોગથી સુધર્યું છે. મધ્યપ્રદેશની 500 થી વધારે મહિલાઓ સોલર કુકરનો ઉપયોગ કરે છે. આ કોન્ફરન્સમાં દેશ–વિદેશથી સોલક કુકીંગ નિષ્ણાત, વૈજ્ઞાનિકો, આંતરપ્રિન્યોર, શિક્ષણવિદો, ફિલ્ડ પ્રોજેક્ટ મેનેજર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. 25 દેશના નિષ્ણાતોની તેમાં હાજરી હશે. 19 દેશોના 40 જેટલા વૈજ્ઞાનિકો તેમના સોલર કુકર પરના સંશોધનો રજુ કરશે.

**14 વર્ષના પ્રિન્સ સિંહે 388 રન ફટકારી ધોનીનો રેકોર્ડ તોડ્યો :**

ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ સુકાની મહેન્દ્રસિંહ





ધોનીના એક ખૂબ જ ખાસ રેકોર્ડને તેના જ શહેર રાંચીના 14 વર્ષના ક્રિકેટર પ્રિન્સ સિંહે તોડી નાંખ્યો છે. ધોનીને પોતાનો આદર્શ માનનારા પ્રિન્સે રાંચી જીલ્લા ક્રિકેટ એસોસિયેશનના અંડર 14 ક્રિકેટ ટૂર્નામેન્ટમાં 150 બોલમાં 388 રનની શાનદાર ઈનિંગ્સ રમી હતી. આ ઈનિંગ્સ એટલા માટે ખાસ રહી હતી; કેમ કે ધોનીએ 1997માં હરમુ મેદાન પર પોતાની સ્કૂલ જેવીએમ શ્યામલી માટે રમતાં 213 રન ફટકાર્યા હતા અને અણનમ રહ્યો હતો.

**વેદાંતને નેશનલ સ્કેટિંગમાં બ્રોન્ઝ :**

તાજેતરમાં સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા બેલગામ, કર્ણાટક ખાતે યોજાયેલી 62મી નેશનલ સ્કેટિંગની અંડર–11 બોય્સ કેટેગરીમાં અમદાવાદની પંચવટી નિર્માણ સ્કૂલના ધો.4માં ભણતા વેદાંત ચિરાગ રાવલે શાનદાર પ્રદર્શન કરીને ગુજરાત માટે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

**ફેબ્રુઆરીમાં એક સાથે 100થી વધારે સૅટેલાઈટ લોન્ચ કરાશે :**

ઈસરો ફેબ્રુઆરીના પ્રથમ અઠવાડિયામાં તેના પ્રક્ષેપણ યાન પીએસએલવી–સી37ના માધ્યમથી 103

Astha Academy Mo. 8980961441

સેટેલાઈટ લોન્ચ કરશે. આ ઉપગ્રહો અમેરિકા અને જર્મની સહિત અન્ય દેશોના છે. ભારતના અંતરીક્ષ ઈતિહાસમાં આ એક મોટી ઉપલબ્ધિ ગણાશે. અગાઉ ક્યારેય આટલા મોટા પાયે પ્રક્ષેપણ કરાયું નથી. ચીન પોતાના મહત્વાકાંક્ષી અવકાશ કાર્યક્રમ 'રેકોર્ડ' હેઠળ આ વર્ષે અવકાશમાં 30 યાન મોકલવાની યોજના ઘડી રહ્યું છે.

**ડૉ. બરઈ અને શિવાંગીને પ્રવાસી ભારતીય સન્માન :**

ભારતીય મૂળના ડૉ. ભરત બરઈ અને ડૉ. સંપત શિવાંગીને પ્રતિષ્ઠિત પ્રવાસી ભારતીય સન્માન એવોર્ડ માટે પસંદ કરાયા છે.


**લોકગીત મણિયારોના રચયિતા તખતદાન રોહડિયાનું અવસાન :**

પ્રખ્યાત લોકગીત મણિયારોના રચયિતા કવિ તખતદાન રોહડિયાનું રાજકોટ ખાતે 79 વર્ષની વયે નિધન થયું છે. અમરેલી જિલ્લાના ઈશ્વરિયા ગામના તખતસંગ 'દાન અલગારી'ના હુલામણા નામથી જાણીતા હતા. ગુજરાતી સાહિત્યમાં જેનું નામ હંમેશા માનભેર લેવામાં આવે છે તેવા હેમુ ગઢવી અને દુલા ભાયા કાગ સાથે તેઓ કામ કરી ચૂક્યા છે.

**એર શૉ – ગાંધીનગર**

ભારતીય વાયુ સેનાની 'સૂર્ય કિરણ' ટીમ અને 'આકાશ ગંગા' ટીમ દ્વારા ગાંધીનગરમાં એર શો દરમ્યાન પેરા ગ્લાઈડીંગનું પ્રદર્શન કરવામાં આવ્યું.

**બ્રિસબેન ઈન્ટરનેશનલમાં સાનિયા–સેન્ડ્સ ચેમ્પિયન :**




ભારતીય સ્ટાર ટેનિસ ખેલાડી સાનિયા મિર્ઝા તથા અમેરિકાની તેની સાથીદાર બેથેની મેટ્ટેક સેન્ડ્સની જોડીએ બ્રિસબેન ઈન્ટરનેશનલ વિમેન્સ ડબલ્સનું ટાઈટલ જીતી લીધું હતું; પરંતુ તેણે તેનો વર્લ્ડ નંબર વન ખેલાડીનો તાજ ગુમાવ્યો હતો.

**ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસ :**

તિરુપતિમાં ચાલી રહેલા ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસમાં દેશની અલગ અલગ લેબમાં સૈન્યએ સામાન્ય લોકો માટે વિકસિત કરેલા ઈનોવેશનનું પ્રદર્શન કરવામાં આવ્યું.

**PM દ્વારા ગાંધીનગર સ્ટેશને ફાઈવ સ્ટાર હોટલનું ભૂમિપૂજન :**

વાયબ્રન્ટ ગુજરાત સમિટ પહેલાં 9મી જાન્યુઆરીએ ગાંધીનગર રેલ્વે સ્ટેશનનું અપગ્રેડેશન અને આ સાથે રેલ્વે ટ્રેક પર દેશની પ્રથમ 300 રૂમવાળી ફાઈવ સ્ટાર હોટલનું ભૂમિપૂજન વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું.

**પોરબંદરમાં રાષ્ટ્રીય કક્ષાની સમુદ્રી તરણ સ્પર્ધા યોજાઈ :**

પોરબંદરમાં રાષ્ટ્રીય સમુદ્રી તરણ સ્પર્ધામાં 250થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. 5,000 અને 10,000 મીટરની સ્પર્ધામાં પુનાના તમાતા રમેશસિંહએ મેદાન માર્યું હતું.

**ગિરનાર આરોહણ સ્પર્ધાનું આયોજન :**

જૂનાગઢ ગિરનાર સ્પર્ધામાં ગીર ગઢડાના ખીલાવડનો ચૌહાણ રાજેશ સિનિયર બોય્ઝમાં પ્રથમ આવ્યો છે, તેમજ રાજકોટ મુકામના ઢેઢુકી ગ્રામ પંચાયતમાં રહેતી ગોહેલ ગીતા સિનિયર ગર્લ્સમાં પ્રથમ આવી છે.

**14 લાખ વિદ્યાર્થીઓ માટે 200 કરોડના ફંડ સાથે સ્ટાર્ટઅપ પોલિસી જાહેર :**

વાઈબ્રન્ટ સમિટ પહેલાં 'સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન પોલિસી'ની જાહેરાત મુખ્યમંત્રી વિજય રૂપાણીએ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની હાજરીમાં મહાત્મા મંદિર ખાતે કરી હતી. આ સાથે રાજ્ય સરકારે 14 લાખથી વધુ વિદ્યાર્થીઓ માટે આગામી પાંચ વર્ષ માટે રૂ. 200 કરોડનું સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન ફંડ ઊભું કરવામાં આવશે તેવો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. રાજ્ય સરકારે એવું લક્ષ્ય રાખ્યું છે કે આગામી પાંચ વર્ષમાં 500 સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ શરૂ થઈ શકે.

**માર્ગ સુરક્ષા પદયાત્રા :**

૯ જાન્યુઆરી, ૨૦૧૭ ના રોજ ઈન્ડિયા ગેટ, નવી દિલ્હી ખાતે માર્ગ સુરક્ષા પદયાત્રાનું ઉદઘાટન મંત્રીશ્રી, માર્ગ પરિવહન, રાજમાર્ગ અને શીપ પરિવહન, શ્રી નિતિન ગડકરી દ્વારા કરવામાં આવ્યું.

**૨૮મું રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા અઠવાડિયું, ૯ થી ૧૫ જાન્યુઆરી, ૨૦૧૭ :**

માર્ગ સુરક્ષા સંમેલન ૨૦૧૭ એ માર્ગ સુરક્ષા પર બિન સરકારી સંગઠનોનું રાષ્ટ્રીય સંમેલન હતું. ૧૧ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ એન.ડી.એમ.સી. કન્વેન્શન સેન્ટર, જયસિંહ રોડ, સંસદ માર્ગ, નવી દિલ્હી ખાતે તેનો શુભારંભ થયો. આ પ્રસંગે માર્ગ સુરક્ષા એપ્સનો શુભારંભ પણ કરવામાં આવ્યો.

**ચીને એન્વાયરમેન્ટ પોલીસ બનાવી, લાકડા અને કોલસાથી થતો ધુમાડો રોકશે :**

ચીને પ્રદૂષણને કારણે થતા ધુમાડા અને ધુમ્મસના રોકવા માટે એન્વાયરમેન્ટ પોલીસનો નવો હોદ્દો બનાવ્યો છે. બેઈજિંગના મેયરે કહ્યું કે પર્યાવરણ પોલીસ શહેરમાં

Astha Academy Mo 8980961441

લાકડા, કોલસા અને કચરાથી થતા ધુમાડાને રોકવા માટેનું કામ કરશે. ચીનમાં હાલ છેલ્લા ત્રણ વર્ષ કરતાં વધારે ધુમ્મસ છે. આ કારણે અહીં રેડ એલર્ટ જારી કરાયેલી છે.

**નાના આકુફો ત્રીજા પ્રયત્ને ઘાનાના રાષ્ટ્રપતિ બન્યા :**

ત્રીજા પ્રયાસે રાષ્ટ્રપતિપદની ચૂંટણી જીતનારા નાના આકુફો આડો દ્વારા આફ્રિકી દેશ ઘાનાના રાષ્ટ્રપતિ તરીકેના શપથ લેવામાં આવ્યા હતા.

**ગોલ્ડન બુક ઓફ રેકોર્ડમાં સામેલ થઈ અગ્રસેન રથયાત્રા :**

ઈન્દોરથી શેખાવટી આવેલી મહારાજ અગ્રસેન રથયાત્રા ગોલ્ડન બુક ઓફ રેકોર્ડમાં સામેલ થઈ ગઈ છે.

**યુરોપના કોઇ દેશના ભારતીય મૂળના પ્રથમ PM બનવાનો ગર્વ ડૉ. કોસ્ટા :**

બેંગલુરુમાં 14મા પ્રવાસી ભારતીય દિવસ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે આવેલા ડૉ. કોસ્ટા અન્ય દેશમાં ભારતીય મૂળના પ્રથમ પ્રધાનમંત્રી છે. સાદગીપૂર્ણ જીવન માટે જાણીતા ડો. કોસ્ટા 'લિસ્બનના ગાંધી' તરીકે પણ ઓળખાય છે.

**ડૉ. એન્ટોનિયો કોસ્ટા કોણ છે ? :**



એન્ટોનિયો કોસ્ટાનો જન્મ પોર્ટુગલની રાજધાની લિસ્બનમાં 1961ની 17 જુલાઈએ થયો હતો. તેઓ તાજેતરમાં યુએનના મહાસચિવ બન્યા છે. તેમના પિતા ઓરલેન્ડો ડી. કોસ્ટા જાણીતા નવલકથાકાર હતા; જ્યારે દાદા લુઈસ અફોંસો મારિયા ડી કોસ્ટા ગોવામાં જન્મ્યા–ઉછર્યા હતા. તેઓ સારસ્વત બ્રાહ્મણ હતા; પણ ગોવામાં પોર્ટુગીઝોના શાસન દરમિયાન તેમણે ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો હતો.

**ગોલ્ડન ગ્લોબ એવોર્ડર્સમાં 'લા લા લેન્ડ' ફિલ્મ છવાઈ :**

ગોલ્ડન ગ્લોબ એવોર્ડર્સ 2017ની જાહેરાત થઈ. બેસ્ટ ડાયરેક્ટરનો એવોર્ડ ડેમિયન ચજૅલને આ ફિલ્મ માટે મળ્યો છે. બેસ્ટ ફિલ્મનો એવોર્ડ મૂન લાઈટ અને બેસ્ટ એક્ટર કેસી એફ્લેક માન્ચેસ્ટર બાય ધ સી ફિલ્મ માટે બન્યો.

**ઈગ્નુમાં રશિયન ભાષાનો અભ્યાસક્રમ શરૂ થયો :**

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (ઈગ્નુ)એ રશિયન ભાષામાં સર્ટિફિકેટ પ્રોગ્રામ શરૂ કર્યો છે. તે છ મહિનાનો રહેશે. તેમાં જાતે શીખવા માટે ઓડિયો વિઝ્યુઅલ મટિરિયલ પણ આપવામાં આવશે. ગ્રેજ્યુએશન બાદ આ કોર્સ કરી શકાય છે.

**જૂનાગઢમાં એરપોર્ટ બનાવવાનો નિર્ણય :**

70 થી 100 હેક્ટર જમીનમાં 2500 મીટર લંબાઈ અને 500 મીટર પહોળાઈ ધરાવતું એરપોર્ટ આકાર પામશે. અહીના રનવે પર 15 થી 20 સીટરવાળા નાના એરક્રાફ્ટ ઉતરશે.


**વર્ષ 2016–17નો GDP ગ્રોથ 6.3 ટકા રહેશે : HSBC**

**ભારત વિયેતનામને મિસાઈલ આપશે :**

ભારતે હવે ચીનના પડોશી દેશ વિયેતામની સાથે વેપાર અને ડિફેન્સ રિલેશન વધારવાની દિશામાં પગલાં લેવાની શરૂઆત કરી છે. જેમાં ભારતે વિયેતનામને જમીન પર વાર કરતી સ્વદેશી મિસાઈલ વેચવાની તૈયારી દર્શાવી છે. એશિયા–પેસિફિક વિસ્તારમાં ચીનની આક્રમકતાને કાઉન્ટર કરવાની દિશામાં આ બાબતને મહત્વપૂર્ણ પગલા તરીકે જોવામાં આવે છે.

વિયેતનામને આકાશ મિસાઈલ વેચવાની દિશામાં વાતચીત ચાલી રહી છે. આ પહેલા ભારતે વિયેતનામને બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ અને સ્વદેશી સબમરીન વિરોધી ટોર્પિડો વરુણાસ્ત્ર પણ આપવાની તૈયારી દર્શાવી હતી. ભારત આ વર્ષે વિયેતનામી ફાઈટર પાઈલટસને સુખોઈ 30 MKI ફાઈટર જેટ્સ પર ટ્રેનિંગ પણ આપશે.

**દંગલ બોલિવૂડની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની :**




દંગલે કુલ 17 દિવસમાં સ્થાનિક બોક્સ ઓફીસ ઉપર કુલ રૂ. 344 કરોડની કમાણીનો વિક્રમ બનાવ્યો છે. દંગલ હિન્દી સિનેમાની અત્યાર સુધીની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે.

આમિર ખાનની ફિલ્મ પીકે અત્યાર સુધી બોલિવૂડની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની હતી. જેણે રૂ. 340 કરોડનું લાઈફટાઈમ કલેક્શન કર્યું હતું.

**પાકિસ્તાન દ્વારા સબમરીનમાંથી ક્રૂઝ મિસાઈલનું પરીક્ષણ**



પાકિસ્તાને પહેલી વખત સબમરીનમાંથી ક્રૂઝ મિસાઈલ બાબર–3નું સફળ પરીક્ષણ કર્યું હતું. આ પરમાણુ

Astha Academy Mo.8980961441

મિસાઈલ 450 કિ.મી. સુધીની મારક ક્ષમતા ધરાવે છે. બાબર મિસાઈલની ત્રણ આવૃત્તિ છે. ક્રૂઝ મિસાઈલ બાબર–2નું પરીક્ષણ ગત વર્ષે કરવામાં આવ્યું હતું. તે જમીન પરથી લક્ષ્ય સાધી શકે છે. બાબર–3 પરમાણુ સહિત અનેક પ્રકારનાં હથિયાર લઈ જવા સક્ષમ છે.

**વાઈબ્રન્ટ ૨૦૧૬ – MOU :**

ટાયર ઉત્પાદનમાં વિશ્વમાં નવમું સ્થાન ધરાવતી ચીની ત્સાઈ જેને લો કંપની ભારતમાં તેનો પ્રથમ પ્લાન્ટ સાણંદમાં 106 એકરમાં રૂ. 2500 કરોડના રોકાણ સાથે સ્થપાશે, જ્યાં બે હજાર લોકોને રોજગાર મળશે.

વિશ્વમાં ત્રીજા નંબરની ફાયબર ગ્લાસ બનાવતી ચાઈનાની તાઈશાન કંપની તેનો વિદેશમાં પ્રથમ પ્લાન્ટ ગુજરાતમાં સ્થાપશે અને રૂ. 1700 કરોડનું રોકાણ કરશે.

સ્ટીલ ઉત્પાદન ક્ષેત્રે વિશ્વના સૌથી મોટા સિંગશાન–સનરાઈઝ ગ્રુપ સાથે જોડાણ કરીને મુંદ્રામાં 800 મિલિયન ડોલરનું રોકાણ કરશે. જેના પરિણામે આઠ હજાર લોકોને રોજગારી મળશે.

મારૂતી સુઝુકી મહેસાણામાં જાપાન–ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેન્યુફેક્ચરિંગ નામની ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટ સ્થાપશે. ઓગસ્ટ 2017થી પ્રથમ બેંચને પ્રવેશ અપાશે.

જાપાનની કંપનીએ જીઆઈડીસીમાં પ્લગ એન્ડ પ્લે પાર્ક વિકસાવવા માટેના ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેશન કર્યા હતા.

ઔદ્યોગિક ગંદા પાણીને શુદ્ધ કરવા માટે ફ્રાન્સના રોકેટ ગૃપ દ્વારા વિરમગામ નજીક રૂ. 19.30 કરોડના ખર્ચે ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેનશન કરાર કર્યા.

**રેલવેની નવી IRCTC રેલ કનેક્ટ એપ લોન્ચ :**

રેલવેમંત્રી સુરેશ પ્રભુએ 'આઈઆરસીટીસી રેલ કનેક્ટ' નામની નવી મોબાઈલ એપ લોન્ચ કરી છે. તેનાથી પહેલા કરતા વધારે ઝડપથી ટિકિટ બુક થશે. તે વધારે સુરક્ષિત પણ છે.

**FM રેડિયો બંધ કરનાર નોર્વે દુનિયાનો પહેલો દેશ :**

નોર્વે 11 જાન્યુઆરીથી પોતાના એફએમ રેડિયો નેટવર્ક બંધ કરી રહ્યું છે. આમ કરનાર તે દુનિયાનો પહેલો દેશ બની ગયો છે. પોતાના ડિજિટલ ઓડિયો બ્રોડકાસ્ટિંગને સપોર્ટ કરવા માટે તેણે આમ કર્યું છે.

**નડાબેટનો સીમાડો અશ્વોની હણહણાટીથી ગુંજી ઊઠ્યો :**

સૂઈગામના નડાબેટમાં ગુજરાત સરકાર, સીમાજન કલ્યાણ સમિતિ અને સીમા સુરક્ષા બળ દ્વારા ચોથા રાષ્ટ્રીય કક્ષાના સીમા અશ્વ મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. 10 થી 12 જાન્યુઆરી દરમિયાન યોજનારા આ કાર્યક્રમમાં બનાસકાંઠા, પાટણ અને કચ્છના પાટીદાર અશ્વોએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ કૌવત દાખવ્યુ હતું.

**રોનાલ્ડો ચોથી વાર બેસ્ટ પ્લેયર ઓફ ધ યર બન્યો :**

રોનાલ્ડોને 34.54 ટકા વોટ મળ્યા હતા; જ્યારે મેસ્સીને 26.42 તથા ગ્રીઝમેનને 7.53 ટકા વોટ મળ્યા હતા.



31 વર્ષના રોનાલ્ડોએ ગયા વર્ષે 57 મેચમાં 55 ગોલ કર્યા હતા. 16 ગોલ કરવામાં મદદ કરી હતી. તેની ઉપસ્થિતિમાં ટીમે ગયા વર્ષે 4 ટ્રોફી જીતી હતી.

રિયલ મેડ્રિડ અને પોર્ટુગલના સ્ટાર ફૂટબોલ ક્રિસ્ટિયાનો રોનાલ્ડોને ફિફાનો બેસ્ટ ખેલાડી તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. રોનાલ્ડો પહેલાં જ રિયલ મેડ્રિનને ત્રીજી વખત ચેમ્પિયન્સ લીગ ખિતાબ જીતાડીને બેલોન ડી ઓર પુરસ્કાર હાંસલ કરી ચૂક્યો છે. તે 2008, 2013 અને 2014માં આ પુરસ્કાર હાંસલ કરી ચૂક્યો છે. તેણે પોર્ટુગલને યુરો કપ 2016 જીતાડવામાં પણ મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી.

**2026થી ફિફા વર્લ્ડ કપમાં 48 ટીમો રમશે :**

દુનિયાની સૌથી લોકપ્રિય રમત ફૂટબોલની સૌથી મોટી સંસ્થા ફિફાએ સૌથી મોટી ટૂર્નામેન્ટ ફિફા વર્લ્ડ કપમાં ટીમોની સંખ્યા 32 થી વધારીને 48 કરી દીધી છે. હવે 1998 વર્લ્ડ કપના 28 વર્ષ બાદ ટીમોની સંખ્યામાં વધારો થશે. 2018માં રશિયામાં યોજાનારા વર્લ્ડ કપમાં આ શક્ય બનશે.

ફિફા અધ્યક્ષ ગિયાનો ઈનફેન્ટિનોના આ નિર્ણયનો કેટલાક સભ્યો દ્વારા વિરોધ પણ કરવામાં આવ્યો છે. ફિફા રેન્કિંગમાં ભારત હજુ 135મા સ્થાન પર છે.

**8 વર્ષના ભારતીય સ્કેટરે 30 સેન્ટીમીટર ઊંચાઈની નીચેથી 145 મીટર સ્કેટિંગ કરીને વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો :**

આઠ વર્ષના ભારતીય સ્કેટર તિલુક કેઈસામે લિંબો સ્કેટિંગમાં વર્લ્ડ રેકોર્ડ બનાવી દીધો છે. મણીપુરના કેઈસામે સિરી ફોર્ટ સ્ટેડિયમમાં 30 સેન્ટીમીટરની ઊંચાઈથી પણ નીચેથી 145 મીટર સુધી સ્કેટિંગ કરીને આ રેકોર્ડ સર્જ્યો હતો. તેણે 41 સેકન્ડનો સમય લીધો હતો. 2013થી જ સ્કેટિંગ કરી રહેલા તિલુકે અત્યાર સુધી અલગ અલગ ઈવેન્ટસમાં 75 મેડલ્સ જીત્યા છે.

**ઓસ્ટ્રેલિયન ટેનિસ ખેલાડી નિક લિન્ડલ 7 વર્ષ માટે પ્રતિબંધિત**

Astha Academy Mo.8980...

**દેશની 32 લાખ NGO ના ઓડિટ કરાવો : સુપ્રિમ કોર્ટ**

**કોલ્ડિંગે 426 કિ.મી. પ્રતિ કલાકની ઝડપથી સ્મેશ ફટકારી રેકોર્ડ કર્યો :**

પ્રીમિયર બેડમિન્ટન લીગમાં ચેન્નાઈ સ્મેશર્સ તરફથી રમી રહેલા ડેનમાર્કના મડાર પિએલર કોલ્ડિંગે દિલ્હી એસર્સની સામે મેન્સ ડબલ્સ મેચમાં 426 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી સ્મેશ ફટકારી હતી. આ પ્રતિસ્પર્ધી બેડમિન્ટનમાં સૌથી ઝડપી સ્મેશનો વર્લ્ડ રેકોર્ડ છે. છેલ્લો રેકોર્ડ મલેશિયાના લી ચોંગ વેઈ (408 કિ.મી. પ્રતિ કલાક) ના નામે હતો. જોકે બિન પ્રતિસ્પર્ધી બેડમિન્ટનમાં 493 કેએમપીએચનો વર્લ્ડ રેકોર્ડ છે.

**27 ટકા રોગો માત્ર ભારતમાં જ છે – યુનિસેફના પ્રતિનિધિ**

'હેલ્થ ફોર ઈન્કલુઝીવ ડેવલપમેન્ટ' સેમિનારમાં દેશ–વિદેશના આરોગ્ય તજજ્ઞોએ દેશની હાલની સ્થિતિ અને લોકોને આરોગ્ય ક્ષેત્રે વધુ સારી સુવિધા કેવી રીતે મળી શકે તે અંગે ચર્ચા કરી હતી. યુનિસેફના ભારત ખાતેના પ્રતિનિધિ લૂઈસ જ્યોર્જસ આર્સેનોલ્ટએ કહ્યું કે, ભારતમાં વધારે વસ્તીને કારણે રોગોનું ભારણ છે. 20 થી 27 ટકા રોગો એવા જ છે જે માત્ર ભારતમાં થાય છે.

**ભારતીય મૂળની કિરણમીત કૌર મિસ યુનિવર્સ 2016માં મલેશિયાનું પ્રતિનિધિત્વ કરશે**




મનીલામાં 30 જાન્યુઆરીએ આયોજિત થનાર મિસ યુનિવર્સ–2016ની ફાઈનલમાં 20 વર્ષીય શીખ યુવતી મલેશિયાનું પ્રતિનિધિત્વ કરશે. વેબસાઈટ www.dotstar2.com મુજબ કિરણમીત કૌર બલજીત સિંહ જસ્સાલએ 2016માં મિસ યુનિવર્સ મલેશિયાનો ખિતાબ જીત્યો હતો.

**તિરંગાવાળું પગલૂછણિયું વેચતા એમેઝોનને વિદેશમંત્રીની ફટકાર :**

વિદેશમંત્રી સુષમા સ્વરાજે કેનેડામાં એમેઝોનની વેબસાઈટ પર ભારતીય તિરંગાના રૂપમાં બનેલા ડોરમેટ (પગલૂછણિયા) વેચવાની ઘટનાને ધ્યાનમાં લેતા એમેઝોનને તાત્કાલિક રીતે તેનું વેચાણ રોકવા અને બિનશરતી માફી માગવા કહ્યું છે.

સુષમાએ ટ્વિટ કરીને કહ્યું હતું કે એમેઝોને તાકીદે અમારા તિરંગાનું અપમાન કરનાર તમામ પ્રોડક્ટસને હટાવી દેવી જોઈએ. જો આમ તાત્કાલિક નહી કરવામાં આવે તો અમે કોઈપણ એમેઝોન અધિકારીઓને વિઝા નહી આપીએ અને પહેલા આપવામાં આવેલા વિઝાને પણ રોકી દેવામાં આવશે. જો કે ત્યારબાદ એમેઝોને એ પ્રોડક્ટનું વેચાણ બંધ કર્યું હતું.

**એર ઈન્ડિયાએ મહિલાઓ માટે 6 સીટો રિઝર્વ રાખી :**

સરકારી વિમાન કંપની એર ઈન્ડિયાએ મહિલાઓ માટે 6 સીટો રિઝર્વ રાખવાનો નિર્ણય કર્યો છે. 18 જાન્યુઆરીથી એર ઈન્ડિયાની ઘરેલુ ફ્લાઈટોમાં તે લાગું થશે. તેનો અલગથી કોઈ ચાર્જ નહીં આપવો પડે.

**દિલ્હીમાં ભારતનું પહેલું મેડમ તુસાદ મ્યુઝિયમ :**

ભારતમાં મેડમ તુસાદ મ્યુઝિયમની પહેલી શાખા નવી દિલ્હીમાં ખૂલશે. આ વર્ષે જૂનમાં જ તેનું ઉદઘાટન થશે. તે કોનોટ પ્લેસના રીગલ સિનેમા કેમ્પસના પહેલા અને બીજા માળે આવેલું છે.

**વાઈબ્રન્ટ 2017 માં 25,578 એમઓયુ :**

2015માં એમઓયુ – 23,078 અને 2017માં એમઓયુ – 25,578 થયા છે. આ વખતે સૌથી વધુ કરાર ત્રણ ક્ષેત્રો એસ.એમ.ઈ – 18,533, મોટા ઉદ્યોગો – 5,938, ટેકનો શેરિંગ – 1107 માં થયા છે.

રૂ. 4000 કરોડથી વધુના 52 કરાર થયા છે. તેમાં એન્જિનિયરિંગ–ઓટોમાં 4, બંદર ક્ષેત્રે 3, ઊર્જા–ગેસક્ષેત્રે 3, એગ્રો–પેટ્રો–આઈટી અને બીટીમાં 2 કરાર થયા.

**મિસ્ત્રીના સ્થાને 80 દિવસ બાદ નટરાજન તાતા જૂથના ચેરમેન :**

દેશની સૌથી મોટી કંપની ટીસીએસના એમડી અને સીઈઓ નટરાજન ચંદ્રશેખરન તાતા સન્સના નવા ચેરમેન પસંદ કરી લેવાયા છે. બિઝનેસ જગતમાં 'ચંદ્રા' નામે પ્રખ્યાત ચંદ્રશેખરન 21 ફેબ્રુઆરીએ નવી જવાબદારી સંભાળશે. ચંદ્રા 149 વર્ષ જુના તાતા જૂથના પહેલા બિન–પારસી ચેરમેન રહેશે. તાતા સન્સ, તાતા જૂથની હોલ્ડિંગ કંપની છે.

**સ્કોર્પિયન ક્લાસની 6 સબમરીન**

ફ્રાન્સના નૌકાદળ સાથે થયેલા કરાર મુજબ મઝગાંવ પોર્ટ પર સ્કોર્પિયન ક્લાસની 6 સબમરીન તૈયાર થઈ રહી છે. તેની પાછળ 23,400 કરોડનો ખર્ચ થઈ રહ્યો છે. ભારતે સ્કોર્પિયન શ્રેણીની બીજી સબમરીન ખંડેરી લોન્ચ કરી છે. મુંબઈના મઝગાંવ ડૉક શિપ બિલ્ડર્સ લિમિટેડથી તેને લોન્ચ કરવામાં આવી હતી.

નિષ્ણાતો પ્રમાણે દુનિયાની મજબૂત પાંચ નૌસેનામાં એશિયામાંથી ભારત અને ચીન સામેલ થઈ ગયા છે. 2030 સુધી રશિયા, ચીન, ભારત, અમેરિકા અને

Astha Academy Mo.8980961441

બ્રિટનની નૌસેના દુનિયાની કુલ દરિયાઈ શક્તિના 40 ટકા હશે.

**સબમરીન ખંડેરી :**

આ દુશ્મનની ભાળ મળતા જ ગાઈડેડ હથિયારથી હુમલો કરી શકે છે. સબમરીન ચોક્કસ હુમલો કરવાની ક્ષમતા દ્વારા દુશ્મનના ચિથરા ઉડાવી શકે છે.



તેનાથી ટોરપીડો સાથે સાથે ટ્યુબ દ્વારા પણ એન્ટી શિપ મિસાઈલો તાકી શકાય છે. તેની સ્ટીલ્થ ટેકનિક બીજી સબમરીને કરતા તેને વધારે સારી બનાવે છે. આ પાણીની અંદર અને સપાટી પરથી દુશ્મન પર હુમલો કરી શકે છે.

બીજી સબમરીન્સ જેવું કામ જેમ કે એન્ટી અંડરગ્રાઉન્ડ વોર, એન્ટી સબમરીન વોર, ઈન્ટેલિજેન્સ ઈનપુટસ આપવા અને સર્વિલાન્સ કરી શકે છે. સબમરીન દ્વારા ખાનગી સૂચનાઓ પણ એકઠી કરી શકાય છે અને તે સુરંગ બનાવવા અને વિસ્તારની દેખરેખ કરવામાં સક્ષમ છે.

**ભારતની અગ્નિ મિસાઈલોથી ડરેલા પાકે. 35 દેશોના જૂથને ફરિયાદ કરી :**

અગ્નિ–4 અને અગ્નિ–5 મિસાઈલોના પરીક્ષણ પછી પાકિસ્તાને ભારતીય મિસાઈલ સંરક્ષણ પ્રણાલીને પોતાના માટે ખતરો ગણાવ્યો છે. પાકિસ્તાને ભારત સામે મિસાઈલ ટેકનોલોજી કન્ટ્રોલ રેજીમ (એમટીસીઆર)માં ચિંતાની સાથે ફરિયાદ નોંધાવી છે. એમટીસીઆર 35 દેશોનો સમૂહ છે, જે મુખ્ય રીતે મિસાઈલ ટેકનિક પર નિયંત્રણ રાખે છે. પાકિસ્તાન એનએસજીની જેમ એમટીસીઆરનું પણ સભ્ય બનવા માગે છે. તેનું મુખ્ય કારણ ભારત ગયા વર્ષે જ એમટીસીઆરનું 35મુ સભ્ય બન્યું છે.

**છત્તીસગઢમાં એપ્રિલથી પ્રથમ યોગ પંચ બનશે :**

દેશનું પ્રથમ યોગ પંચ છત્તીસગઢમાં શરૂ થશે. પહેલી એપ્રિલથી આ લાગુ થશે. યોગ આયોગ પંચાયતથી માંડીને સ્કૂલ સુધી યોગ શિક્ષણના વિસ્તારમાં ફાળો આપશે. છત્તીસગઢના મુખ્યપ્રધાન ડો. રમણસિંહે આ જાહેરાત કરી છે. તેમણે જણાવ્યુ કે છત્તીસગઢના વરિષ્ઠ અધિકારીની સાથે રાજધાનીમાં પતંજલિ યોગ પીઠના હોદ્દેદાર તેનો મુસદ્દો તૈયાર કરશે. એપ્રિલમાં યોગ આયોગના સ્ટ્રક્ચરને લાગુ કરી દેવામાં આવશે.

**41 વખતની વિજેતા મુંબઈને હરાવી ગુજરાત રણજી ચેમ્પિયન :**

પાર્થિવ પટેલની કેપ્ટન ઈનિંગ્સ(143 રન)ની મદદથી ગુજરાતે ઈતિહાસ સર્જીને 41 વખતની ચેમ્પિયન મુંબઈ ટીમને 5 વિકેટે પરાજય આપીને પ્રથમ વખત રણજી ટ્રોફીમાં ચેમ્પિયન બનવાની સિદ્ધિ હાંસલ કરી હતી. 83 વર્ષના ઈતિહાસમાં ગુજરાતે પ્રથમ વખત ટૂર્નામેન્ટ જીતી લીધી હતી. મુંબઈએ આપેલા 312 રનના લક્ષ્યાંક સામે ગુજરાતે પાંચ વિકેટે 313 રન કરીને વિજય મેળવ્યો હતો.

**ભાજપના ભૂતપૂર્વ સાંસદ અને પૂર્વ ક્રિકેટર નવજોતસિંહ સિદ્ધુ કોંગ્રેસમાં સામેલ :**

**સક્ષમ – 2017 (સંરક્ષણ ક્ષમતા મહોત્સવ)**

ધર્મેન્દ્ર પ્રધાન રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા સક્ષમ – 2017 (સંરક્ષણ ક્ષમતા મહોત્સવ)નું નવી દિલ્હી ખાતે 16 જાન્યુઆરી, 2017ના રોજ ઉદઘાટન કરવામાં આવ્યું. દરેક વર્ગની સંરક્ષણ ક્ષમતા વધારવામાં પથ પ્રદર્શન કરવા માટેનો આમહોત્સવનો હેતુ છે.

**લાંસ નાયક હનુમંથપ્પાને મરણોપરાંત સેના મેડલ :**

લાંસ નાયક હનુમંથપ્પાને સેના મેડલથી સન્માનિત કરવામાં આવ્યા છે. સિયાચિનમાં 6 દિવસ સુધી 35 ફૂટ બરફ નીચે દબાયેલા રહ્યા બાદ પણ તેઓ જીવીત નિકળ્યા હતા. જોકે, પછી સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું.

69મા સેના દિવસ પ્રસંગે સેના પ્રમુખ જનરલ બિપિન રાવતે લાંસ નાયક હનુમંથપ્પાની પત્ની મહાદેવીને અશોક મેડલ પ્રદાન કર્યો હતો.

**રેલવે સ્ટેશનો પર મલ્ટિ પર્પઝ સ્ટોલ શરૂ થશે :**

રેલવે સ્ટેશનો પર હવે એક જ સ્થળેથી દૂધ, દવા તથા કોસ્મેટિક વસ્તુઓ કેશલેસ ખરીદી શકાય તેવા મલ્ટી પર્પઝ સ્ટોર શરૂ થશે.

**BSNL આંતરરાષ્ટ્રીય સ્તરનું વાઈ–ફાઈ આપશે :**

બી.એસ.એન.એલ. વૈશ્વિક સ્તરે પોતાના ગ્રાહકોને વાઈ–ફાઈ સેવા ઉપલબ્ધ કરાવશે. તે માટે તેણે તાતા કોમ્યુનિકેશન્સ લિમિટેડ સાથે કરાર કર્યો છે. હવે બી.એસ.એન.એલ.ના ગ્રાહક દુનિયાના 4.4 કરોડ હોટસ્પોટનો ઉપયોગ કરી શકશે.

**બ્લેક લેડી લિબર્ટી પહેલી વાર યુ.એસ. ના સિક્કા પર :**

અમેરિકામાં પહેલીવાર બ્લેક લેડી લિબર્ટીની છાપ ધરાવતો સિક્કો બનાવાયો છે. વર્ષ 2017માં અમેરિકાની

Astha Academy Mo. 8980961441

સ્વતંત્રતાનું 225મું વર્ષ ઉજવાશે. આ પ્રસંગે 100 ડોલરનું મૂલ્ય ધરાવતા સિક્કા ઉપર તેમની છાપ જોવા મળશે.

**ખાદી ગ્રામોદ્યોગના કેલેન્ડર પર મોદીના ફોટાનો વિવાદ :**

ખાદી ગ્રામોદ્યોગ આયોગના કેલેન્ડરમાં ખાદીના અસલી આઈકોન મહાત્મા ગાંધીને બદલે વડાપ્રધાન મોદીનો ચરખા સાથેનો ફોટો છપાતાં વિવાદ ઉભો થતાં વડાપ્રધાન કાર્યાલયે એવું જણાવ્યું છે કે કેવીઆઈસીમાં ગાંધીજીનો જ ફોટો હોવાનો કોઈ નિયમ નથી. જ્યારે આયોગના ચેરમેન વિનયકુમાર સકસેનાએ જણાવ્યું કે પીએમ મોદીની અપીલ પછી ખાદીના વેચાણમાં 29 ટકાનો વધારો થયો છે.



**શંકર બાલસુબ્રમણ્યમને નાઈટહૂડની ઉપાધિ :**

ભારતીય મૂળના પ્રોફેસર શંકર બાલસુબ્રમણ્યમને વિજ્ઞાન તથા મેડિકલ ક્ષેત્રમાં યોગદાન બદલ નાઈટહુડની ઉપાધિથી સન્માનિત કરાયા છે. ચેન્નઈમાં જન્મેલા શંકર કેમ્બ્રિજમાં ઔષધીય રસાયણના પ્રોફેસર છે. ડીએનએ પર કામ કરવા માટે તેમને આ સન્માન મળ્યુ છે.

**રાજીવ જે. શાહ રોકફેલર ફાઉન્ડેશનના પ્રમુખ બનશે :**

રાજીવ પ્રથમ ભારતીય છે જે અમેરિકાના સૌથી મોટા ડોનેશન આપનાર ફાઉન્ડેશન રોકફેલરના પ્રમુખ બનશે. તે તેના સૌથી નાની વયના અધ્યક્ષ બનશે.

આ ફાઉન્ડેશન 104 વર્ષ જૂનું છે. તેને ત્યારે ઓઈલ કિંગ મનાતા જોન રોકફેલરે બનાવ્યું હતું. આ ફાઉન્ડેશનથી દર વર્ષે 1364 કરોડ રૂપિયા દાનમાં વિદેશમાં અપાય છે.

**માર્ચથી આસ્થા સર્કિટ ટ્રેન દોડશે :**

રેલવે ટૂંક સમયમાં ભારતદર્શન અભિયાન હેઠળ 'આસ્થા' ટ્રેન શરૂ કરવાની છે. પૂર્વ–મધ્ય રેલવે ક્ષેત્રથી માર્ચ મહિનામાં આસ્થા સર્કિટ ટ્રેન દોડતી થશે.

**કેરળમાં 75 સીટો ધરાવતી પહેલી સોલાર બોટ શરૂ :**

કેરળમાં સોલાર એનર્જીથી ચાલતી બોટ **'આદિત્ય'** શરૂ કરવામાં આવી છે. 75 સીટો ધરાવતી આ બોટ વાઈકોમથી કોચીની વચ્ચે ચાલશે. તેમાં 78 સોલાર પ્લેટ લગાવવામાં આવી છે. તેની ઝડપ 14 કિ.મી. પ્રતિ કલાકની છે.

**GST એપ્રિલને બદલે હવે જુલાઈથી – જેટલી :**

કેન્દ્ર સરકારે ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) લાગુ પાડવાની મર્યાદા લંબાવી છે. નાણાપ્રધાન અરુણ જેટલીએ જાહેરાત કરી છે કે હવે જીએસટીને 1 એપ્રિલથી નહી; પરંતુ 1 જુલાઈથી લાગુ પાડવામાં આવશે. 1 એપ્રિલે જીએસટી લાગુ પાડવા માટે સહમતિ ન સાધી શકાઈ હોવાને કારણે સરકારે જીએસટી લાગુ પાડવા માટે વધારે સમય આપવાની ફરજ પડી છે.

**સાઈકલ ચૂંટણી પંચે અખિલેસને આપી દીધી :**

ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીઓ પહેલા સમાજવાદી પાર્ટીમાં ચાલી રહેલી વર્ચસ્વની લડાઈમાં અખિલેશ છાવણીનો વિજય થયો છે. ચૂંટણીપંચે અખિલેશ જૂથની તરફેણમાં ચૂકાદો આપીને સાઈકલનું ચૂંટણીપ્રતીક સીએમ અખિલેશ યાદવ જૂથને સોંપી દીધું છે. ચૂંટણીપંચે એવો નિર્ણય લીધો કે પાર્ટીનું નામ પણ અખિલેશ યાદવને જ મળશે.

**દાવોસમાં 'વિશ્વ આર્થિક મંચ' ના પૂર્વે ચિંતાજનક આર્થિક અસમાનતાનો સરવે – માત્ર 8 લોકો પાસે અડધા વિશ્વની અને 57 લોકો પાસે 70% ભારતીયોથી વધુ સંપત્તિ :**

એક રિસર્ચ મુજબ વિશ્વમાં દર 10માંથી એક વ્યક્તિએ ભૂખ્યા પેટે સુવું પડે છે. તેનું સૌથી મોટું કારણ છે અમીરી–ગરીબીનું સતત વધતું અંતર. સ્થિતિ એ છે કે વિશ્વની અડધી વસતી ગરીબ થઈ ગઈ છે અને આ 3.8 અબજ ગરીબો પાસે જેટલી સંપત્તિ છે તેટલી તો વિશ્વના માત્ર 8 ધનિકો પાસે છે. આ 8 ધનિકો પૈકી 6 અમેરિકાના છે. મેક્સિકોના કાર્લોસ સ્લિમ અને સ્પેનના ઓર્ટેગા પણ તેમાં સામેલ છે. ભારતની વાત કરીએ તો અહી 1% ધનિકો પાસે દેશની 58% સંપત્તિ છે. ગરીબી નાબૂદી માટે કામ કરતા બ્રિટિશ સંગઠન ઓક્સફેમના રિપોર્ટથી આ જાણવા મળ્યું છે. માઈક્રોસોફ્ટના બિલ ગેટ્સ દર કલાકે 2 કરોડ રૂપિયા કમાય છે. તે વિશ્વની સૌથી ધનિક વ્યક્તિ છે. ભારતમાં 1.31 લાખ કરોડ સાથે મુકેશ અંબાણી ટોચે છે.

**700 કરોડના ખર્ચે મોટેરા વિસ્તારમાં 1.10 લાખ પ્રેક્ષકોની ક્ષમતાવાળું સ્ટેડિયમ 24 મહિનામાં બનશે :**

**જર્મનીનો પાસપોર્ટ સૌથી મજબૂત, ભારત 78મા સ્થાને :**

ગ્લોબલ પાસપોર્ટ ઈન્ડેક્સની યાદીમાં જર્મની પ્રથમ સ્થાને છે. તેનો પાસપોર્ટ વિશ્વમાં સૌથી શક્તિશાળી માનવામાં આવ્યો છે. ભારતીય પાસપોર્ટ 78મા સ્થાને છે. જર્મનીનો વિઝા ફ્રી સ્કોર 157 છે; જ્યારે ભારતનો સ્કોર 46 છે.

**ચંદ્ર પર ગયેલા છેલ્લા અંતરિક્ષ યાત્રીનું નિધન :**

અમેરિકન અંતરિક્ષ યાત્રી જીન કેર્નન (82)નું નિધન થયું છે. તેઓ ચંદ્ર પર જનાર છેલ્લી વ્યક્તિ હતી. કેપ્ટન કેર્નન તે ત્રણ અંતરિક્ષ યાત્રીઓમાંથી એક હતા; જે ચંદ્ર પર ફરી આવ્યા હતા. તેઓ 1972માં ચંદ્રની ધરતી છોડનારા છેલ્લી વ્યક્તિ હતી.

**સીએ ફાઈનલમાં દેશના ટોપ–50 માં અમદાવાદના 4 :**

આ પરિણામમાં 70 ટકા સાથે અમદાવાદની જ્યોતિ સમગ્ર દેશમાં ત્રીજા સ્થાને છે.

**ST બસ હંકારવા હવે મહિલા ડ્રાઈવરની ભરતી કરાશે :**

મહિલા ડ્રાઈવર નિમનારું ગુજરાત પ્રથમ રાજ્ય બનશે. મહિલાઓને નાઈટ ડ્યુટી સોંપાતી નથી.

**કેશલેસ ટ્રાન્ઝેક્શનથી સાઈબર ક્રાઈમ વધવાની શક્યતાને પગલે અમદાવાદમાં રાજ્યનું પ્રથમ સાઈબર પોલીસ સ્ટેશન બનશે.**

**10મો જયપુર લિટરેચર ફેસ્ટિવલ :**

પાંચ દિવસનો 10મો જયપુર લિટરેચર ફેસ્ટિવલ યોજાઈ ગયો. સીએમ વસુંધરા રાજે, ગુલઝાર, અમેરિકાના કવિ અન્ને વાલ્ડમેન અને ધાર્મિક ગુરુ સદગુરુ જગ્ગી વાસુદેવ ઉદઘાટન કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

**મિસ યુનિવર્સ–૨૦૧૭માં સુષ્મિતા સેન જજ બનશે :**



સુષ્મિતા સેન ૨૦૧૭માં મિસ યુનિવર્સ સ્પર્ધાની જજ પેનલમાં રહેશે. ૪૧ વર્ષની સુષ્મિતા ૧૯૯૪માં મિસ યુનિવર્સ બની હતી.

**હોંગકોંગમાં વીઝા ઓન એરાઈવલ સુવિધા સમાપ્ત :**

હોંગકોંગે ભારતીયો માટે વીઝા ઓન એરાઈવલની સવલત સમાપ્ત કરી દીધી છે. હવે હોંગકોંગ જનારા લોકોએ પહેલા પ્રી–એરાઈવલ રજિસ્ટ્રેશન કરાવવું પડશે.

**ખોડલધામમાં નોંધાયેલા રેકોર્ડ :**

ખોડલધામમાં ૨૦૧૭માં ૫ લાખ લોકોએ એક સાથે રાષ્ટ્રગાન ગાયું તેનો ગિનેસ વર્લ્ડ રેકોર્ડ નોંધાયો છે.

**રેશનિંગ દુકાનો પર ઈ–ટ્રાન્ઝેક્શનને પ્રોત્સાહન :**

પુરવઠા વિભાગે કરેલા આદેશ પ્રમાણે ઈ–ટ્રાન્ઝેક્શનમાં ડેબિટ કાર્ડથી ૦.૫ ટકા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ તથા સર્વિસ ટેક્સ અને તેમજ ક્રેડિટ કાર્ડમાં ૧.૨૦ ટકા મર્ચન્ડ ડિસ્કાઉન્ટ આપવામાં આવશે તથા સર્વિસ ટેક્સનો ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવશે. ઉપરાંત દુકાનદારોને પ્રોત્સાહન માટે જે દુકાનમાં મહિનામાં સૌથી વધુ ઈ–ટ્રાન્ઝેક્શન થયા હશે; તેવા ૩ દુકાનદારને માસિક રૂ. ૧ હજારનું ઈનામ અપાશે. જ્યારે રેશનકાર્ડ ધારકો પણ ઈ–ટ્રાન્ઝેક્શન તરફ વળે તે માટે દરેક જિલ્લામાં ૨૦ ગ્રાહક રેન્ડમાઈઝેશન પદ્ધતિથી પસંદ કરી; આવા ૬૬૦ ગ્રાહકને દર મહિને ૫૦૦ રૂપિયાનું ઈનામ અપાશે.

**ઓલિમ્પિકના પ્રથમ ગોલ્ડ વિજેતા બિન્દ્રા પ્રોફેસર બન્યા :**



ઓલિમ્પિકમાં દેશને પ્રથમ ગોલ્ડ મેડલ અપાવનારા અભિનવ બિન્દ્રા હવે શિક્ષણ ક્ષેત્રે પણ પોતાનું યોગદાન આપશે.

**જલીકટ્ટુને મંજુરી :**

જલીકટ્ટુ અંગે વિરોધી દેખાવો પછી કેન્દ્ર સરકારે તમિલનાડુની આ રમતને મંજૂરી આપતો વટહુકમ જારી કરી દીધો છે. આ વટહુકમ સીધા તમિલનાડુ સરકારને મોકલવામાં આવ્યો છે. તેના દ્વારા જલીકટ્ટુ સામે પ્રતિબંધનો સુપ્રિમકોર્ટનો આદેશ અસર વગરનો થઈ જશે.

**પશ્ચિમ રિવરફ્રંટને પ્રમુખ સ્વામીનું નામાભિધાન કરાશે :**

**દિલ્હી પોલીસ કમિશનર આલોક વર્મા નવા CBI પ્રમુખ :**

દિલ્હી પોલીસના કમિશનર આલોક વર્મા સીબીઆઈના નવા ડાયરેક્ટર રહેશે. તેઓ સતત ત્રીજા સીબીઆઈ પ્રમુખ છે, જે બિહારથી છે. વર્મા બે વર્ષ સુધી સીબીઆઈ પ્રમુખ રહેશે. તેઓ અનિલ સિન્હાનું સ્થાન લેશે.

**એકથી વધુ વખતમાં બેન્ક ખાતામાં ૧૦ લાખથી વધુ જમા કરાવ્યા તો IT દ્વારા પૂછપરછ થશે:**

**દુનિયાના ૩૦ ડાયનેમિક શહેરોની યાદી જાહેર, તેમાં ભારતના ૬ જીડીપી ઈનોવેશનમાં સિલિકોન વેલી, શાંઘાઈને પછાડીને બેંગલોર દુનિયામાં અવ્વલ :**

એશિયામાં ચીનને પાછળ રાખીને આર્થિક વિકાસ, ઈનોવેશન, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ અને શિક્ષણ જેવી બાબતોમાં બેંગલોર દુનિયામાં અવ્વલ છે. તેમાં બેંગ્લોરે અમેરિકાની સિલિકોન વેલી, લોસ એન્જેલસ, લંડન અને શાંઘાઈ સહિત ૨૯ દેશોને પાછળ રાખ્યા છે. એટલું જ નહી આ ૩૦ શહેરોમાં ૬ ભારતના છે. આ જાણકારી શિકાગોની રિસર્ચ ફર્મ જોન્સ લેંગ લાસલે જાહેર કરેલા 'સિટી મોમેન્ટમ ઈન્ડેક્સ'માં સામે આવી છે. આ લિસ્ટ જીડીપી, જનસંખ્યા, ટેક્નોલોજી, રિસર્ચ, શિક્ષણ રિયલ એસ્ટેટ જેવા લગભગ ૪૨ માપદંડના આધાર પર બનાવવામાં આવ્યું છે.

આ યાદીમાં અમેરિકાના સૌથી વધારે ૩, ભારત અને વિયેતનામના બે–બે શહેરો સામેલ છે. ભારતના બે શહેરો ટોપ–૫ માં સ્થાન મેળવવા માટે સફળ રહ્યા છે.

**રેન્ક શહેર :–** (૧) બેંગલોર (ભારત) (૨) હો ચી મિન્હ સિટી (વિયેતનામ) (૩) સિલિકોન વેલી (અમેરિકા) (૪)

Astha Academy Mo.8980961441

શાંઘાઈ (ચીન) (૫) હૈદરાબાદ (ભારત) (૬) લંડન (યુકે) (૭) હનોઈ (વિયેતનામ) (૮) ઓસ્ટિન (અમેરિકા) (૯) બોસ્ટન (અમેરિકા) (૧૦) નૈરોબી (કેન્યા)

**ભારતના આ શહેર સામેલ :**

**શહેર રેન્ક :–** બેંગ્લોર–૧, હૈદરાબાદ–૫, પૂણે–૧૩, ચેન્નાઈ–૧૭, દિલ્હી–૨૩, મુંબઈ–૩૦

**૪૨ માપદંડના આધાર પર ઈન્ડેક્સ બને છે :**

તેમાં ઓછા સમયમાં આર્થિક સ્થિતિ, વધારે સમયમાં શિક્ષણ, ઈનોવેશન ટેક્નોલોજી, પર્યાવરણ અને ત્રીજા ક્ષેત્રમાં કોમર્શિયલ પ્રોપર્ટીમાં થતી ગતિવિધિનો સમાવેશ થાય છે.

**સાહિત્યકાર યતીન્દ્ર મિશ્રને દ્વારકાપ્રસાદ અગ્રવાલ એવોર્ડ**

જયપુર લિટરેચર ફેસ્ટિવલમાં અપાતો પ્રતિષ્ઠિત 'દ્વારકાપ્રસાદ અગ્રવાલ એવોર્ડ' આ વખતે સાહિત્યકાર યતીન્દ્ર મિશ્રને અપાયો. યુવા લેખકોને પ્રોત્સાહન આપવા માટે અપાતો આ પુરસ્કાર મિશ્રને લતા મંગેશકર પર લખેલા તેમના પુસ્તક 'લતા સૂર ગાથા' માટે અપાયો. આ પુરસ્કાર ભાસ્કર



જૂથ તરફથી અપાય છે. પહેલો દ્વારકાપ્રસાદ અગ્રવાલ પુરસ્કાર સાહિત્યકાર પ્રભાત રંજનને તેમના પુસ્તક 'કોઠા ગોઈ' માટે ગત વર્ષે આપવામાં આવ્યો હતો.

**PGIMSમાં ૨૦ કરોડથી બનશે દેશનું પ્રથમ આર્ટ મોડર્ન મોર્ચરી કોમ્પ્લેક્સ :**

ડિજિટલ સ્ક્રીન પર ઉદભવેલી ૩ડી ઈમેજથી મોતના કારણો શોધી કાઢવાનું હવે સરળ થઈ જશે. દેશનું પ્રથમ વર્ચ્યુઅલ ઓટોપ્સી સેન્ટર રોહતકના પીજીઆઈએમએસમાં બનવાનું છે અને તેના માટે સરકાર તરફથી પીજીઆઈએમએસમાં ૨૦ કરોડ રૂપિયાનું બજેટ નક્કી કરવામાં આવ્યું છે.

પોસ્ટમોર્ટમ ક્ષેત્રમાં આ નવી ટેકનિક આવ્યા પછી મૃત શરીરમાં છૂપાયેલી ગોળી અને ઝેર વિશે જાણવાનું સરળ થઈ જશે. અત્યાર સુધી મૃતકનું ભારે શરીર હોવા કે હાડકામાં ફસાયેલી ગોળી શોધી કાઢવામાં ૧૦ થી ૧૨ કલાકનો સમય લાગી જાય છે. તેનાથી પોસ્ટમોર્ટમના અન્ય કાર્યોને અસર થાય છે. હાલમાં યુરોપથી નવી ટેકનિકના યંત્ર મંગાવવા માટે ૬.૫૭ કરોડના બજેટની યોજના બનાવી લેવામાં આવી છે.

**બ્લાઈન્ડ ટી–૨૦ : ભારતે બાંગ્લાદેશને 192 રનથી હરાવ્યું**

છેલ્લી ચેમ્પિયન ભારતે ટી–૨૦ બ્લાઈન્ડ વર્લ્ડ કપ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં પોતાના ટાઈટલ બચાવો અભિયાનની શાનદાર શરૂઆત કરી છે. ભારતે બાંગ્લાદેશને 192 રને પરાજય આપ્યો છે. ભારતે 20 ઓવરમાં 5 વિકેટના નુકસાન પર 279 રનનો સ્કોર બનાવ્યો હતો. ઓપનર પ્રકાશ જેએ માત્ર 57 બોલમાં 18 બાઉન્ડ્રી દ્વારા 96 રન ફટકાર્યા હતા; જ્યારે કેતન પટેલે 50 બોલમાં 4 બાઉન્ડ્રી અને 1 સિક્સરની મદદથી 98 રન ફટકાર્યા હતા.

**વિકાસ સહાય, અજય ગાખર અને સિદ્ધરાજ ભાટીને પ્રેસિડેન્ટ મેડલ :**

26 મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિને મુખ્યમંત્રી દ્વારા 3 અધિકારીઓને પ્રેસિડેન્ટ મેડલ અને એસપી સહિત 15 પોલીસ કર્મચારીઓને પોલીસ મેડલ એનાયત કરાયા. વિકાસ સહાય, ડે. ડાયરેક્ટર જનરલ, રક્ષાશક્તિ યુનિ., અમદાવાદ ખાતે ફરજ બજાવી રહ્યા છે. સિદ્ધરાજસિંહ ગુલાબસિંહ ભાટી, જેસીપી, સુરત તરીકે ફરજ બજાવે છે. અજયકુમાર વિદ્યાધર ગાખર, ડેપ્યુ. એસપી, જુનાગઢ તરીકે છે.

**ફિક્સ પગારદારને રાહત :**

જુદી જુદી કેડરમાં 2 લાખ 12 હજારથી વધુ કર્મચારીઓને 63 ટકાથી 124 ટકા સુધીનો પગાર વધારો અને સળંગ નોકરીનો લાભ આપવામાં આવ્યો છે.

**વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ–2017 – 25,500 થી વધુ એમઓયુ.**

**ઉજાલા યોજના – 3 કરોડ બલ્બનું વિતરણ કરી સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ સ્થાને.**

**શામળાજી ચેકપોસ્ટ – દેશની સૌ પ્રથમ ઓટોમેટિક વ્હીકલ મેજરમેન્ટ સિસ્ટમથી સજ્જ.**

**આણંદમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી :**

આણંદમાં વિદ્યાનગરના શાસ્ત્રી મેદાન ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી. આ સમારોહમાં રાજ્યપાલ ઓ.પી. કોહલી, મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિત મહાનુભાવો હાજર રહ્યા હતા.

આસ્થા એકેડમી તરફથી સફળતા માટે શુભકામનાઓ......